GUJARAT EDUCATION BOARD OF CATHOLIC INSTITUTIONS
Estd.1993

# CBCI

# બાળરક્ષણ નીતિ અને કાર્યવાહી



CBCI બાળરક્ષણ નીતિ અને કાર્યવાહી
CBCI Child Protection Policy & Procedures
નો અનુવાદ/ભાવાનુવાદ

© Gujarat Education Board of Catholic Institutions
All rights reserved
2016

Published by : Published by
Gujarat Education Board of Catholic Institutions
Archbishop's House, Sector 8, Gandhinagar 382008
Ph No. : 07923227541
Email : gebcigujarat@gmail.com

Printed at : Deepti Offset
Bishop's House, P.B. No. 1501,
Rajkot - 360 005, Gujarat, India.

(for private circulation only)

# CBCI

# બાળરક્ષણ નીતિ
# અને
# કાર્યવાહી

CBCI Child

Protection Policy & Procedures

**નો અનુવાદ/ભાવાનુવાદ**

(for private circulation only)

Published by
Gujarat Education Board of Catholic Institutions
Archbishop's House, Sector 8, Gandhinagar 382008
Ph No. : 07923227541
Email : gebcigujarat@gmail.com

## અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પેજ નંબર |
|---|---|---|
| ૧. | પ્રસ્તાવના | ૩ |
| ૨. | I કેથલિક શૈક્ષણિક સંસ્થાઓની નીતિ નિયમો | ૪ |
| ૩. | II બાળરક્ષણની નીતિની જરૂરિયાત શા માટે ? | ૫ |
| ૪. | III બાળસંરક્ષણની નીતિ શું છે ? | ૫ |
| ૫. | VI ભારતમાં બાળશોષણ | ૫ |
| ૬. | ભારત સરકાર દ્વારા લેવાયેલા પગલાં | ૬ |
| ૭. | V બાળશોષણ એટલે શું ? | ૬ |
| ૮. | VI બાળકો શોષણનો ભોગ કઈ કઈ રીતે બને છે ? | ૬ |
| ૯. | VII પ્રાંત/ધર્મપ્રાંત માટે માર્ગદર્શિકા | ૮ |
| ૧૦. | VIII સંસ્થાઓ માટે સાર્વત્રિક માર્ગદર્શનો | ૯ |
| ૧૧. | IX સંસ્થાના કર્મચારીઓ માટે સાર્વત્રિક માર્ગદર્શન | ૧૦ |
| ૧૨. | X માતા-પિતા / વાલીઓ માટે સાર્વત્રિક માર્ગદર્શન | ૧૦ |
| ૧૩. | XI સંસ્થામાં બાળક સંરક્ષણ સમિતિ | ૧૧ |
| ૧૪. | સંસ્થામાં નિયુક્ત થયેલ બાળસંરક્ષણ અધિકારીની સત્તાઓ અને જવાબદારીઓ | ૧૧ |
| ૧૫. | XII વિભાગીય / પ્રાંતીય સ્તરે બાળસંરક્ષણ સમિતિ | ૧૩ |
| ૧૬. | વિભાગીય / પ્રાંતીય બાળસંરક્ષણ સમિતિનાં કાર્યો | ૧૩ |
| ૧૭. | શોષણને લગતી ઘટનાઓની ફરિયાદ | ૧૪ |
| ૧૮. | XIII સ્થાનિક વિભાગીય / પ્રાંતીય કક્ષાએ બાળસંરક્ષણ સમિતિઓની કાર્યપ્રણાલિ | ૧૫ |
| ૧૯. | XIV ઉપચારાત્મક સુવિધા | ૧૭ |
| ૨૦. | બાળશોષણ નિવારવાનાં પગલાં | ૧૭ |
| ૨૧. | કર્મચારીગણ માટે રક્ષણાત્મક વર્તન અંગેના નિયમો : | ૧૯ |
| ૨૨. | XV સાયબર ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ | ૨૩ |
| ૨૩. | XVI હેરાનગતિ / દાદાગીરી વિશે નોંધ | ૨૩ |
| ૨૪. | XVII માતા-પિતા / વાલીની ભૂમિકા | ૨૬ |
| ૨૫. | બાળશોષણ અટકાવવા માટે માતા-પિતા /વાલીએ નીચે મુજબનાં સાવચેતીનાં પગલાં | ૨૮ |
| ૨૬. | પરિશિષ્ટ-૧ સર્વ કર્મચારીગણ માટે અરજીપત્રક | ૩૦ |
| ૨૭. | પરિશિષ્ટ-૨ તંદુરસ્તી અંગેનું પત્રક | ૩૧ |
| ૨૮. | પરિશિષ્ટ-૩ અંગત તબીબી માહિતી | ૩૨ |

# પ્રસ્તાવના

કેથલિક સંસ્થામાં ધાર્મિક સશક્તિકરણનો શિક્ષણ દ્વારા પ્રયાસ કરવામાં આવે છે. એક જવાબદાર નાગરિક તરીકે પોતાના કાર્ય પ્રત્યે વફાદાર રહે તે પ્રકારનું શિક્ષણ તેમને આપવામાં આવે છે.

જીવનમાં આવતા પડકારોનો શિક્ષણ દ્વારા જ સામનો થઈ શકયો છે જે આપણી સંસ્થાઓદ્વારા જ શક્ય બની રહ્યું છે.

આપણે ઈચ્છીએ કે આ સિવાય પણ આપણી સંસ્થામાં સુરક્ષિત અને તંદુરસ્ત વાતાવરણ હોવું જોઈએ. યુનાઈટેડ નેશન સંસ્થાના માર્ગદર્શન હેઠળ આપણા સંવિધાનમાં નીચેના ધારા (એક્ટ) નો સમાવેશ કરવામાં આવ્યો છે.

- ઈ.સ. ૨૦૦૦ની સાલમાં - જુવેનાઈલ જસ્ટીસ - (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન)
- ઈ.સ. ૨૦૦૯ની સાલમાં એન.ટી.આર.ટી.ઈ. (રાઈટ ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન(RTE) અને તેની વિશેષતા)
- ઈ.સ. ૨૦૧૨ના વર્ષમાં પ્રીવેન્સન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસુયલ ઓફન્સીસ (POCSO) આપણી કેથલિક સંસ્થાઓમાં CBCI 'ચાઈલ્ડ પ્રોટેકશન પૉલિસી અને પ્રોસીજર' દ્વારા આ ત્રણ એકટનો અમલ કરવાનો પ્રયાસ છે. તે અંગેનુ આ પુસ્તક છે.
- આ પુસ્તકના માધ્યમથી ચાઈલ્ડ પ્રોટેકશન પોલિસીના અમલીકરણ માટે માર્ગદર્શન મળી રહેશે.
- આ પૉલિસી દ્વારા આપણી સંસ્થામાં દરેક વિદ્યાર્થીને અભ્યાસ માટે સુરક્ષિત વાતાવરણ ઉપલબ્ધ થશે.
- આ પુસ્તક દ્વારા માહિતી ઉપલબ્ધ થાય છે કે:
- ચાઈલ્ડ પ્રોટેકશન પોલિસી શું છે ? શા માટે છે ?
- દુર્વ્યવહાર કેટલા પ્રકારના હોય છે ?
- આ પુસ્તક સ્ટાફ, વાલી અને સંસ્થા માટે માર્ગદર્શક છે.
- તેની જવાબદારી શું છે ?
- બનાવનો રિપોર્ટ કેવી રીતે કરવો ?
- પૂછપરછ - રીહેબીલીટેશન
- આચાર સંહિતા
- સુરક્ષા અને બચાવ અંગેના માપદંડ

  વિવિધ સંસ્થાઓએ શા માટે અલગ - અલગ રીતે એક્ટ તૈયાર કર્યા છે ?

  આ પોલિસી પુસ્તક CBCIએ એટલા માટે રજૂ કર્યુ છે કે દરેક કેથલિક સંસ્થામાં એક જ માપદંડ દ્વારા દરેક વિદ્યાર્થીને સુરક્ષિત વાતાવરણ પ્રાપ્ત થાય.

સર્વ કેથલિક ચર્ચમાં બાળકો સાથેના દુર્વ્યવહારમાં શૂન્ય માપદંડ હોય.

અત્રે ઉલ્લેખનીય છે કે CBCI પુસ્તકનો આધાર લઈ આ પુસ્તકમાં ભાષાકીય મર્યાદાઓને ધ્યાનમાં રાખતાં શક્ય થયું ત્યાં અનુવાદ કે ભાવાનુવાદ કરવામાં આવેલ છે. જેની નોંધ લેવી. સંપૂર્ણ સમજૂતી અને સ્પષ્ટતા માટે CBCI ની અંગ્રેજી પ્રતનો આધાર લેવો.

# CBCI
# બાળરક્ષણ નીતિ અને કાર્યવાહી

## I કેથલિક શૈક્ષણિક સંસ્થાઓની નીતિ નિયમો:

કેથલિક ધર્મસભાનો સર્વોચ્ચ ઉદ્દેશ તેની દરેક શૈક્ષણિક સંસ્થાને પ્રભુના પ્રેમનું પ્રતીક બનાવવાનો છે. ખાસ કરીને બાળકો/યુવાનો માટે આપણે બધા જ જેઓ કેથલિક શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા છીએ. દા.ત. સંચાલકો, સ્ટાફ, સ્વયંસેવકો દરેકે મળીને સંસ્થામાં એવું વાતાવરણ ઊભું કરવાનું છે, જેથી બધાં જ બાળકોના દરેક હકનું રક્ષણ થઈ શકે તથા તંદુરસ્ત અને સુરક્ષિત વાતાવરણમાં બાળકો માટે શૈક્ષણિક કાર્ય કરી શકાય. જ્યારે દરેક કેથલિક શૈક્ષણિક સંસ્થા બાળકોના હકોના રક્ષણની બાંયધરી આપે છે અને તેને સ્વીકારે છે તો તેના સંદર્ભમાં નીચેની બાબતો ખાસ ધ્યાન રાખવા યોગ્ય બની રહે છે.

૧. સંસ્થાના પરિસરમાં બાળકની હેરાનગતિ થવાની ઘટના કે આક્ષેપ પર તરત જ ધ્યાન આપવું અને તેની વિશ્વાસપાત્રતાની ચકાસણી કરવી.

૨. બાળશોષણને લગતી ઘટનાઓને ધ્યાનમાં રાખી રાજ્ય દ્વારા જાહેર કરાયેલા કાયદા તથા ધાર્મિક નીતિ નિયમો પાલન કરવું.

૩. શોષિત/ભોગ બનેલ બાળક પ્રત્યે વધુમાં વધુ સહાનુભૂતિ દાખવવી અને જરૂરી મદદ કરવી અને યોગ્ય સલાહ સૂચનો આપવાં.

૪. તંદુરસ્ત અને મૈત્રીપૂર્ણ વાતાવરણ ઊભું કરવું. અભ્યાસક્રમની રચના પણ મૈત્રીપૂર્ણ બનાવવી તથા રક્ષણાત્મક અને સલામતીપૂર્ણ કાર્યશૈલી અમલમાં મૂકવી.

૫. બાળશોષણ કે અઘટિત વર્તન પ્રત્યે બાળકોનો કેવો પ્રતિભાવ હોવો જોઈએ સંબંધકર્તાઓમાં તેના વિશે જાગૃતિ લાવવી. જેથી કરીને બાળકો પોતે જ પોતાનું રક્ષણ કરી શકે.

૬. બાળશોષણને અટકાવવા માટે સાવચેતીનાં કેવાં પગલાં લઈ શકાય અથવા તો આવી ઘટનાઓ ન બને તે માટે શું કરી શકાય તે અંગે મધ્યસ્થ વ્યક્તિઓમાં જાગૃતિ લાવવાના પ્રયત્નો કરવા.

૭. દરેક બાળકને યોગ્ય માન આપવું. તેનું સ્થાન / મોભો જાળવવો. દરેક બાળક ભગવાનની ભેટ છે. આપણે તેને મુક્ત વાતાવરણ આપવું જોઈએ જેથી તે પ્રભુની યોજનાનુસાર પોતાનો વિકાસ કરી શકે.

૮. દરેક બાળકને માત્ર શૈક્ષણિક વિકાસ માટેની જ તકો નથી આપવાની પરંતુ તેની સાથે આપણે એવી પરિસ્થિતિઓનું નિર્માણ કરવાનું છે, જેના દ્વારા સલામતી, સ્વતંત્રતા, એકબીજા પ્રત્યે માન અને સદ્ભાવ જેવી ભાવનાઓને ખીલવી શકાય.

૯. કોઈ પણ બાળક સાથે ધર્મ, જ્ઞાતિ કે ભાષાને આધારે ભેદભાવયુક્ત વ્યવહાર કરી શકાય નહિ, પરંતુ આ બધા તફાવતો સ્વીકાર્ય બનાવવા. ધર્મ, જ્ઞાતિ કે ભાષાના આધારે થતા ભેદભાવ રહિત વાતાવરણમાં દરેક બાળકને વિકાસ કરવા માટેની પૂરતી તક મળે તથા આ પ્રકારના તફાવતો સ્વીકારે.

૧૦. દરેક માતા-પિતા /વાલીએ પોતાના બાળકની સલામતી અંગેની ચિંતા તરફ તરત જ ધ્યાન આપવું.

આ બધા જ મુદ્દાઓ બતાવે છે કે કેથલિક ધર્મસભા બાળશોષણ અટકાવવા તથા સુરક્ષિત, ખુશ, શાંત અને તંદુરસ્ત વાતાવરણ બાળકોના યોગ્ય વિકાસ માટે પૂરું પાડવા કટિબદ્ધ છે. જેથી કરીને દરેક બાળક ચારિત્ર્યશીલ અને જવાબદાર નાગરિક બની શકે. કેથલિક ધર્મસભાનો મુખ્ય હેતુ દરેક જરૂરિયાતમંદ બાળકને પ્રેમ આપવાનો અને તેની દેખરેખ / કાળજી રાખવાનો છે, જેથી દરેક બાળકને આપણે નિષ્ઠાથી શિક્ષણ આપી શકીએ, જેના દ્વારા તે પોતાના જીવનમાં વિકાસ પામી શકે.

## II બાળરક્ષણની નીતિની જરૂરિયાત શા માટે ?

કેથલિક ધર્મસભા પ્રભુ ઈસુના પ્રેમ અને કરુણાને લોકો સુધી જુદી-જુદી રીતે પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. દા.ત. શિક્ષણ, આરોગ્ય, સમાજ સેવા વગેરે. આપણે આપણી પ્રામાણિક અને નિષ્ઠાસભર સેવા દ્વારા, 'પ્રભુ ઈસુ ભલા ભરવાડના' નમૂનાનું પાલન કરતાં કરતાં આપણાં બાળકોની દેખરેખ રાખવાની છે તથા તેમનું સશક્તિકરણ કરવાનું છે, જેથી તેઓ પોતાનું જીવન સંપૂર્ણ રીતે જીવી શકે. દરેક બાળકની યોગ્ય કાળજી અને દેખરેખ રાખવી તે માત્ર આપણી ફરજ અને જવાબદારી જ નહિ પરંતુ સર્વપ્રથમ અને અગ્રગણ્ય બાબત છે. બાળસંરક્ષણની નીતિનો સ્વીકાર અને અમલ કરીને આપણે આપણી શૈક્ષણિક સંસ્થાઓમાં આપણા દેશ દ્વારા બાળકોનાં કલ્યાણ અને રક્ષણ માટે જે કાયદાઓને પ્રસ્થાપિત કરવામાં આવેલ છે તેનો અમલ કરવાનો આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ. લોકજાગૃતિ અને શિક્ષણ દ્વારા આપણે બાળશોષણને અટકાવવા તથા તેમના રક્ષણ માટે સરકારને તથા જાગૃત નાગરિકોને સહકાર આપવા તરફ પગલાં ભરી રહ્યા છીએ.

## III બાળસંરક્ષણની નીતિ શું છે ?

બાળસંરક્ષણની નીતિ એ સંસ્થાના બાળશોષણ, અવગણના જેવી ઘટનાઓથી બાળકોનું રક્ષણ કરવા કટિબદ્ધ છે. આ નીતિ દ્વારા દરેક સંસ્થા પોતાના સ્ટાફને માર્ગદર્શન આપી શકે તથા તેમનાં વર્તનનું નિયમન કરી શકે છે. બાળસંરક્ષણની નીતિ અમલમાં એવી રીતે મૂકવી જેથી કરીને બાળકો માટે કામ કરતી દરેક વ્યક્તિ પોતાના વર્તનનું ચોક્કસ રીતે નિયમન કરી શકે. આ નીતિ સંસ્થાગત તથા કાયદાકીય રીતે તથા પરિસ્થિતિ અનુસાર બાળશોષણ કરનાર / કુકર્મ કરનાર સામે પગલાં લે છે. તે સાથે બાળકોની વિરુદ્ધ કોઈ ઘટના ન બને તેને લગતાં કેવાં પગલાં લેવાં તેની માહિતી અને માર્ગદર્શન આપે છે, પાયાની મૂળભૂત સુવિધાઓ પ્રત્યે ધ્યાન આપે છે. બાળશોષણને લગતી કોઈ પણ ઘટના વિશે કોને જાણ કરવી, તેની તપાસ કરવી, કેવી સાવચેતી રાખવી, શું શિક્ષા કરવી, તેનાથી માહિતગાર કરે છે.

## IV ભારતમાં બાળશોષણ:

બાળશોષણ એ માનવ-અધિકારનો ભંગ છે. ૧૮ વર્ષથી નીચેની ઉંમરના દરેકને બાળક કહેવામાં આવે છે. ભારતના સંદર્ભમાં બાળહકો એ હાલની ઉપજ છે. જ્યારે બાળશોષણ કોઈપણ સ્વરૂપે દા.ત. શારીરિક, લૈંગિક, ભાવાત્મક, માનસિક વગેરે દરેક દેશમાં જોવા મળે છે. જ્યારે અમુક પ્રશ્નો એવા છે જે અમુક પ્રદેશોમાં જ જોવા મળે છે. ખાસ કરીને એશિયાખંડ, જેમાં વસ્તીનું પ્રમાણ વધુ છે, ત્યાં બાળશોષણ અને તેમના જાતિય શોષણના કિસ્સાઓ વધુ જોવા મળે છે. વિશ્વ આરોગ્ય સંગઠનના અંદાજ પ્રમાણે ૧૫૦ કરોડ છોકરીઓ અને ૭૩ કરોડ છોકરાઓ દબાણને વશ થઈ શારીરિક સંભોગનો તથા જાતિય હિંસાનો ભોગ બન્યાં છે. બાળશોષણ

૨. ભાવનાત્મક શોષણ

- સતત/નિરંતર બાળકને ઠેસ પહોંચાડવી જેને કારણે બાળક નકારાત્મક બને છે. તેની સીધી અસર તેના ભાવનાત્મક વિકાસ પર પડે છે.
- મુખ્યત્વ રીતે બાળકને નકામું કહેવું, પ્રેમ ન બતાવવો વગેરે જે શબ્દો દ્વારા અથવા હાવભાવ દ્વારા, લેખિત રીતે અથવા અન્ય કોઈ પણ રીતે પ્રદર્શિત કરવામાં આવે છે.
- શાબ્દિક, માનસિક, મનોવૈજ્ઞાનિક દુર્વ્યવહાર વગેરે દ્વારા લાગણીગત શોષણ કરાય છે.
- ઘણીવાર માતા-પિતા/વાલી બાળકને વિચિત્ર રીતે શિક્ષા કરે છે. દાત. રૂમમાં બંધ કરી દેવું, ખુરશી સાથે બાંધી દેવું, ડરાવવું, વગેરે.
- અપમાનજનક શબ્દોનો ઉપયોગ કરવો, વિના કારણે કે સાબિતી વગર બાળકને દોષિત ઠરાવવું.

૩. જાતિય શોષણ :

- અમેરિકન માનસશાસ્ત્રીઓનાં સંગઠન મુજબ જ્યારે કોઈ પુખ્ત વ્યક્તિઃ છોકરા કે છોકરીને બળજબરીપૂર્વક જાતિય પ્રવૃત્તિમાં સામેલ કરાય છે. શરીરના સંપર્ક દ્વારા જ જાતિય શોષણ નથી થતું. ઘણીવાર તેના સિવાય પણ તેમનાં ગુપ્તાંગોને અડીને, બિભત્સ ચિત્રો બતાવીને તેમનું શોષણ કરવામાં આવે છે. બાળશોષણ ૨૦૦૭ મુજબ જાતિય શોષણ એ બાળકો સાથેનું અસ્વીકૃત જાતિય વર્તન છે. જેમાં તેમનાં ગુપ્તાંગોને પંપાળવાં, તેમને પુખ્તોનાં ગુપ્તાંગોને પંપાળવાની ફરજ પાડવી, સંભોગ, નજીકના સગા સાથે સંભોગ, બળાત્કાર, ગુદામૈથુન વગેરેનો સમાવેશ થાય છે. જો ઉપરનામાંથી કોઈપણ વર્તન બાળકની કાળજી રાખનાર દ્વારા, વાલી દ્વારા, જે દિવસ દરમ્યાન બાળકની દેખરેખ કરે છે તેના દ્વારા અથવા તો શિક્ષક દ્વારા કરવામાં આવે તો તેને જાતિય શોષણ કહેવામાં આવશે. જો કોઈ અજાણી વ્યક્તિ દ્વારા કરવામાં આવે તો તેને જાતિય હુમલો / બળાત્કાર કહેવાશે.

૪. શાબ્દિક શોષણ :

બેજવાબદાર રીતે શબ્દોનો ઉપયોગ, બાળકને જાહેરમાં ઉતારી પાડવું વગેરે શાબ્દિક શોષણ કહેવાશે. આવા શબ્દોનો ઉપયોગ માતા-પિતા / વાલી દ્વારા કરવામાં આવે છે જેનાથી બાળકના હૃદયને ઠેસ પહોંચે છે. તેની પ્રતિષ્ઠા ખરડાય છે, તેનાં અન્ય સાથેનાં સંબંધો બગડે છે. અશિષ્ટ / બિભત્સ શબ્દ દા.ત. મૂર્ખ, ગધેડા, બેડોળ, આળસુ તેના દ્વારા બાળકની સંવેદનાને નુકશાન પહોંચે છે.

૫. અવગણના / ઉપેક્ષા

ઘણા કિસ્સાઓમાં મા-બાપ દેખરેખ કરનાર બાળકની તંદુરસ્તી માટે તથા તેના વિકાસ માટે જે કોઈ જરૂરિયાતો સંતોષવાની હોય છે તેમ કરવામાં નિષ્ફળ નીવડે અથવા તો હેતુપૂર્વક જરૂરિયાતો પૂરી પાડે નહિ તેને અવગણના કહેવામાં આવે. દા.ત. પૌષ્ટિક આહાર, રહેઠાણ, કપડાં, આરોગ્યપ્રદ સેવાઓ, સતત લેવાની કાળજી વગેરે શૈક્ષણિક અવગણના કે જેમાં બાળક શાળાએ જઈ શકતું નથી કે તેના ખાસ

ભારતમાં ૨૦૦૭ના મહિલા અને બાળકલ્યાણ મંત્રાલય દ્વારા કરવામાં આવેલ એક અભ્યાસ મુજબ, ભારતમાં, શાળાઓમાં બાળશોષણની ઘટનાઓ ગંભીર સ્વરૂપ ધારણ કરી રહી છે. આ અભ્યાસ મુજબ ૩ માંથી ૨ બાળકો શારીરિક શિક્ષાનો ભોગ બને છે. ૬૫% શાળાએ જતાં બાળકો શિક્ષાનો ભોગ બને છે. ૫૩.૨૨% બાળકોએ એક યા બીજી રીતે જાતિય શોષણના ભોગ બનવાની ફરિયાદ કરી છે.

## ભારત સરકાર દ્વારા લેવાયેલા પગલાં :

સરકાર દ્વારા તબક્કાવાર તથા જરૂર મુજબ કાયદા પસાર કરવામાં આવેલ છે. જેથી બાળશોષણને અટકાવી શકાય. તેમાંના મુખ્યત્વે નીચે મુજબ છે : (૧) બાળ મજૂરી પ્રતિબંધ કાયદો ૧૯૮૬, (૨) બાળકો માટે ન્યાયનો કાયદો ૨૦૦૦, જેમાં વર્ષ ૨૦૦૬માં ફેરફાર કરવામાં આવ્યા હતા. જાતિય શોષણથી બાળકોનું રક્ષણ ૨૦૧૨ આ કાયદો મહત્વનો કાયદો સાબિત થયેલ છે. આ કાયદા દ્વારા સૌ પ્રથમ વખત જાતિય શોષણથી બાળકોનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. આ કાયદો જાતિય હિંસા / જાતિય શોષણ વિરુદ્ધ રક્ષણ આપે છે. તથા તેના અંતર્ગત ખાસ કોર્ટ, ખાસ વકીલ તથા ઝડપી નિકાલના પ્રયત્નો કરવામાં આવેલ છે.

## V બાળશોષણ એટલે શું ?

સીધી અથવા આડકતરી રીતે જાણે કે અજાણે બાળકનાં રક્ષણ તથા તંદુરસ્ત વિકાસમાં વ્યક્તિ, સંસ્થા દ્વારા કરવામાં આવતાં અવરોધો / નુકસાનને બાળશોષણ કહી શકાય. બાળકનું અપમાન અવગણના વગેરેને બાળશોષણ કહી શકાય.

વિશ્વ આરોગ્ય સંગઠન મુજબ બાળશોષણમાં દરેક જાતની શારીરિક લાગણીગત ખરાબ / બિનસ્વીકૃત વર્તન, જાતીય શોષણ અવગણના, વ્યાપારિક અથવા અન્ય કોઈ પણ પ્રકારનું શોષણ વગેરે જેના પરિણામ સ્વરૂપે તંદુરસ્તીના અસ્તિત્વ અથવા તેના મોભાને ભયમાં મૂકે છે.

## VI બાળકો શોષણનો ભોગ કઈ કઈ રીતે બને છે ?

ભારતની સુપ્રિમ કોર્ટે કરેલ બાળશોષણની વ્યાખ્યા નીચે પ્રમાણે વર્ગીકૃત કરી શકાય. જેના માટે બાળસંરક્ષણનીતિ ૨૦૧૨નો આધાર લેવામાં આવેલ છે. (POCSO 2012)

૧. શારીરિક શોષણઃ

- મહિલા અને બાળકલ્યાણ મુજબ શારીરિક શોષણ એટલે ઈજા કરવી, આ મુજબ બાળકને દબાવી નાંખવું, લાત મારવી અથવા કોઈ પણ રીતે ઈજા કરવી જે વાલી કે મા-બાપ દ્વારા અપેક્ષિત ન હોય.
- આ ઈજા કે શિક્ષા કરવાનું કારણ શિસ્તનો અતિશય આગ્રહ જેના કારણે બાળકની ઉંમરને ધ્યાનમાં રાખ્યા વગર તેમને શિક્ષા કરવામાં આવે છે.
- ટૂંકમાં કોઈપણ પ્રકારની શારીરિક શિક્ષા /ઈજા એ શારીરિક શોષણ છે.

શિક્ષણ / ઉચ્ચ શિક્ષણ માટે ધ્યાન આપવામાં આવતું નથી. બાળકને જરૂરી પ્રેમ, હૂંફ આપવામાં ન આવે તો બાળકની લાગણીઓની ઉપેક્ષા કરવામાં આવી તેમ કહી શકાય.

**૬. શોષણ :**

બાળકનો પોતાના સ્વાર્થી ઉદ્દેશને સિદ્ધ કરવામાં ઉપયોગ કરવામાં આવે તો તેને બાળશોષણ કહેવાશે. જાતિય શોષણ માટે કેટલીક યુક્તિઓ પુખ્તો દ્વારા અજમાવવામાં આવે છે. દા.ત. બાળકો સાથે મિત્રતા કેળવવી, તેમનો વિશ્વાસ સંપાદન કરવો, દારૂ અથવા અન્ય ભેટ આપવી અને તેના બદલામાં તેમની પાસેથી જાતિય આનંદ મેળવવાનો આગ્રહ રાખવામાં આવે છે. ઓનલાઈન ચેટીંગ દ્વારા જાતિય શોષણ કરવાનો ઈરાદો રાખવો તેને પણ શોષણ કહે છે. ઘણીવાર તેમને ઈ-મેઈલ કરવા, ફેસબુક, વોટસેપ વગેરે માધ્યમો દ્વારા તેમનો વિશ્વાસ જીતવામાં આવે છે. તેમની જાતિય અથવા અન્ય કોઈ સ્વાર્થ સાધવામાં બાળકનો ઉપયોગ કરવો તે પણ બાળશોષણ કહેવાય.

## VII પ્રાંત/ધર્મપ્રાંત માટે માર્ગદર્શિકા :

૧. દરેક પ્રાંત/વિભાગ પોતાના ક્ષેત્રમાં આવેલ સંસ્થાઓમાં બાળશોષણની ઘટના ન બને તે માટે પગલાં લેશે.

૨. બધી જ સંસ્થાઓ મુક્ત વાતાવરણ ઊભું કરવા પ્રયત્નશીલ બનશે જેથી કર્મચારી, બાળકો, વાલી ખૂબજ સહેલાઈથી બાળકોના રક્ષણ / તેને લગતા કિસ્સા વિશે ચર્ચા કરી શકે / રજૂઆત કરી શકે. જેને દરેક સંસ્થાએ સંવાદિતા અને ગંભીરતાથી તેના પ્રત્યે ધ્યાન આપવું જોઈએ.

૩. બાળશોષણની ફરિયાદ ત્વરિત ઉપરી / આચાર્ય / સંસ્થાના કે ધર્મપ્રાંત / પ્રાંતનાં બાળરક્ષણના અધિકારીને આપવાની રહેશે.

૪. વિભાગ / પ્રાંત / સંસ્થા જે બાળક શોષણનો ભોગ બન્યું છે તેની કાળજી / દેખરેખ રાખશે તેને ટેકો આપશે. ઘટનાને લગતા અહેવાલ પર ત્વરિત કાર્યવાહી કરી આંતરિક, બાહ્ય કાયદાઓનું બાળશોષણ વિરોધી નીતિ મુજબ પાલન કરશે.

૫. જો કોઈ કર્મચારી બાળશોષણ કરે તો તેની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં કાયદાકીય સત્તાઓને સહકાર આપવાનો રહેશે.

૬. સંસ્થાના કોઈ કર્મચારી પર બાળશોષણનો આક્ષેપ થયો હોય તો સંસ્થા તેની ઉપચારાત્મક કાળજી લેશે, પણ તે સાથે બાળકોના રક્ષણની જવાબદારી પણ અદા કરશે. જે અંતર્ગત જે વ્યક્તિ પર આક્ષેપ મૂકવામાં આવેલ છે. જેને સસ્પેન્ડ કરી શકાય. બાળકોથી અલગ રાખી શકાય. સેવામાંથી બરતરફ કરી શકાય.

૭. ક્યારેક બાળશોષણની ખોટી ફરિયાદો / આક્ષેપો થઈ શકે પરંતુ જો બાળક બાળશોષણની ફરિયાદ કરે અથવા તેને લગતી માહિતી પ્રાપ્ત થાય તો તેને કોઈ પણ સંજોગોમાં અવગણી શકાય નહિ. આ પરિસ્થિતિમાં પુરાવાઓ પૂરા પાડવાની જવાબદારી દોષિતની રહેશે.

૮. જો કોઈ વ્યક્તિ દુષ્ટ હેતુથી બાળશોષણની ખોટી અને દ્વેષપૂર્ણ ફરિયાદ કરે તો ધર્મપ્રાંત /પ્રાંત/સંસ્થા તે વ્યક્તિ સામે શિક્ષાત્મક કે કાયદાકીય પગલાં લઈ શકે છે.

૯. પ્રાંત / વિભાગ કર્મચારી, આશ્રિતનાં વિકૃત વર્તનની અંગે જવાબદાર રહેશે નહિ.

૧૦. બાળકોના રક્ષણ અને જે લોકો તેમની કાળજી રાખે છે તેઓની જરૂરિયાત બંને વચ્ચે સમતુલા જાળવવી જરૂરી છે. છતાંય બાળકોના રક્ષણ / વિકાસને અગ્રીમતા આપવી.

૧૧. જાતીય શોષણની ઘટનામાં કાયદાકીય જોગવાઈઓની જાળવણી / તેની અનુસાર કાર્યવાહી થવી જોઈએ કેમ કે તે વૈધાનિક ફરજ છે. વ્યક્તિ કે સંસ્થા જાતિય શોષણની ફરિયાદની તપાસ કરી શકે નહિ.

૧૨. બિશપ તેમના પ્રતિનિધિ / પ્રાંતપતિ અને વિભાગ / પ્રાંતિય બાળસંરક્ષણ સમિતિની બાળકોના રક્ષણની જવાબદારી રહેશે. બિશપ/પ્રાંતપતિ બાળરક્ષણ નીતિ બનાવી તથા તેનો અમલ કરવા પર દેખરેખ રાખશે. પ્રાંત/ધર્મપ્રાંત કક્ષાએ બાળશોષણ વિરોધી સમિતિ બનાવી સમિતિના સભ્યોની નિમણૂક કરશે તથા તાલીમ આપશે એમ કરીને તેઓ પ્રાંત / ધર્મપ્રાંતમાં સમિતિ દ્વારા દરેક સંસ્થામાં રહેલાં બાળકોને શોષણ વિરુદ્ધ રક્ષણ પૂરું પાડશે અને શોષણને લગતા આક્ષેપોની કાયદાકીય સત્તાઓની સાથે રહી તપાસ કરશે.

## VIII સંસ્થાઓ માટે સાર્વત્રિક માર્ગદર્શનો

૧. દરેક સંસ્થા બાળસંરક્ષણની જવાબદારી સ્વીકારે અને તેને અનુરૂપ પગલાં ભરે.

૨. એવું વાતાવરણ ઊભું કરવામાં આવે જેથી વાલી / માતા -પિતા / વિદ્યાર્થી અને કર્મચારી બાળસંરક્ષણ માટે સહિયારા પ્રયાસ કરે.

૩. બાળશોષણ કોઈ પણ રીતે ચલાવી લેવું નહિ. તેની સામે કડકાઈથી પગલાં લેવાં જેમાં કાયદાકીય ફરિયાદ અને બરતરફી સુધીનાં પગલાં લેવાં. POCSO ૨૦૧૨ મુજબ કોઈ કર્મચારી દ્વારા બાળક સાથે કરવામાં આવેલ ગેરવર્તુણંક અથવા બાળશોષણને લગતા આક્ષેપ માટે સંસ્થા યોગ્ય પગલા ભરશે.

૪. બાળક તથા તેના કુટુંબ અંગેની માહિતી સંસ્થા દ્વારા ગોપનીય રાખવામાં આવશે.

૫. જે બાળક શોષણનો ભોગ બન્યું હોય તેની કાળજી તાલીમબદ્ધ વ્યક્તિ દ્વારા લેવામાં આવે તે જોવાનું કામ સંસ્થાનું રહેશે.

૬. સંસ્થાએ બાળકો પ્રત્યે મૈત્રીભર્યુ વાતાવરણ ઊભું કરવાનું રહેશે. કર્મચારીઓની નિમણૂંક, કાળજી, બાળસંરક્ષણનીતિનો અમલ, બાળસંરક્ષણ સમિતિ વગેરે જેવાં પગલાં લેવાનાં રહેશે.

૭. દરેક વર્ગના કર્મચારીની નિમણૂંક કરતી વખતે તેના વિશે ચોક્કસ માહિતી મેળવશે. તેમજ તેના ચારિત્રની બાંયધરી આપતી બે વ્યક્તિઓથી કર્મચારી અંગેનો અભિપ્રાય મેળવશે.

## IX સંસ્થાના કર્મચારીઓ માટે સાર્વત્રિક માર્ગદર્શન

૧. દરેક કર્મચારી તાલીમબદ્ધ અને યોગ્ય રીતે નિમણૂંક પામેલ હોવો જોઈએ. બાળકો પ્રત્યે સભાન હોવો જોઈએ. તે નિયમિત રીતે તાલીમ મેળવતો રહેવો જોઈએ.

૨. જો કોઈ કર્મચારી સંસ્થામાં બાળશોષણ થવાની ઘટના વિશે જાણે તો સંસ્થાના મુખ્ય અધિકારીને તેની જાણ કરવાની રહેશે. જો તેમ કરવામાં નિષ્ફળ જાય તો શિક્ષાત્મક પગલાં લઈ શકાશે.

૩. જે કર્મચારી બાળકને શારીરિક શિક્ષા કરે તો તેની વિરુધ્ધ શિસ્તભંગનાં પગલાં લઈ શકાશે.

૪. દરેક બાળક અલગ વાતાવરણમાંથી આવે છે તે જાણી કર્મચારી તેમની સાથે જવાબદારીપૂર્વક વર્તશે. કોઈ પણ કર્મચારી બાળક સાથે ગેરવર્તન કરે અથવા બાળસંરક્ષણ નીતિનો ભંગ કરે તો તેની સામે શિક્ષાત્મક પગલાં લઈ શકાશે. જરૂરી લાગે તો તેને બરતરફ પણ કરી શકાય.

૫. દરેક કર્મચારી પોતાના કપડાં, ભાષા, હાવભાવ વિશે વિશેષ રીતે સભાન રહેશે. (બિભત્સ શબ્દો બોલવા નહિ, તમાકુનું સેવન, દારૂનું સેવન વગેરે કરવું નહિ.)

૬. બાળ શોષણને લગતી તપાસમાં કર્મચારીએ સહકાર આપવો તથા તેની ગોપનીયતા જાળવવી.

## X માતા-પિતા / વાલીઓ માટે સાર્વત્રિક માર્ગદર્શન

૧. માતાપિતા વાલી દ્વારા દાકતરી અથવા તો આકસ્મિક કારણો સિવાય શાળા દરમિયાન શાળામાં મુલાકાત લેવી નહિ. કોઈપણ કારણસર બાળકને મળવાનું હોય તો શાળાના આચાર્યે જે તે નિમાયેલી વ્યક્તિની પરવાનગી બાદ જ મળવાનો આગ્રહ રાખવો.

૨. માતાપિતા વાલી કે મિત્રો પરવાનગી વગર બાળકનો ફોટો કે વિડિયો શૂટિંગ કરી શકે નહિ. તેનો ઉપયોગ કરી શકે નહિ. શાળા માત્ર શૈક્ષણિક હેતુ સિદ્ધ કરવા જ આવા ફોટોગ્રાફ્સ કે વિડિયોનો ઉપયોગ કરી શકશે.

૩. માતા-પિતા/વાલી શુભેચ્છકો બાળક કે સંસ્થાની માહિતી જાહેર કરી શકે નહિ. મીડિયાએ એમ કરવા માટે સંસ્થાના આચાર્યની પરવાનગી લેવી જરૂરી છે.

૪. આપણે બાળકના સર્વાંગી અને સમતોલ વિકાસ માટે કામ કરીએ છીએ. તેથી ભારતની બધી જ કેથલિક શાળાઓ દરેક વ્યક્તિના હકો અને સ્વતંત્રતાને માન આપે છે.

૫. માતા-પિતા બાળકોને શિસ્ત અને માન આપતાં શીખવે તેમજ સોશિયલ મીડિયાનો યોગ્ય રીતે / જરૂર મુજબ જ ઉપયોગ કરતાં શીખવે તથા ગેરવર્તનથી દૂર રાખે તે અપેક્ષિત છે.

૬. ભારતની બધી જ કેથલિક શાળાઓ બાળકોને શોષણથી રક્ષણ આપવા કટિબદ્ધ છે, તથા બાળ સંરક્ષણ નીતિનું વફાદારીથી પાલન કરવા ઉત્સુક છે. જેમાં માતા-પિતા/વાલી સહકાર / સહયોગ આપે તે જરૂરી છે.

૭. માતા-પિતા પોતાના શિસ્તમય જીવન દ્વારા બાળકો માટે પ્રેરણાસ્ત્રોત બને તે જરૂરી છે.

## XI સંસ્થામાં બાળસંરક્ષણ સમિતિ

દરેક કેથલિક શૈક્ષણિક સંસ્થામાં બાળ સંરક્ષણ સમિતિ બનાવવી જે બાળશોષણને લગતા આક્ષેપોની તપાસ કરશે.

૧. સમિતિમાં ૩-૫ સક્ષમ વ્યક્તિઓની નિમણૂંક કરવી. (અ) બાળસંરક્ષણ અધિકારી (કર્મચારીગણમાંથી નિમણૂંક કરવી) (બ) મનોચિકિત્સક (ક) બે/ત્રણ અન્ય વ્યક્તિઓ જે વિવેકબુદ્ધિથી સભર હોય, તેમાંથી એક સ્ત્રી હોય તે અનિવાર્ય છે. ઉપરનામાંથી કોઈ એક વ્યક્તિ મંત્રી તરીકે કામગીરી બજાવશે અને અન્ય એક વ્યકિત સંપર્ક અધિકારી તરીકે કામ કરશે.

૨. સમિતિના દરેક સભ્યની નિમણૂંક ૩ વર્ષ માટેની રહેશે. ત્યારબાદ તેની પુનઃગઠન કરવાની રહેશે.

૩. આ સમિતિનું મુખ્ય કાર્ય બાળશોષણને લગતા આક્ષેપોની તપાસ કરવાનું રહેશે. ખાસ કરીને શારીરિક શોષણ બાળક અને પુખ્તને લગતા શારીરિક શોષણ અંગેના દોષ / નિર્દોષ તપાસ અને શિક્ષા વિશેની સલાહ આપવાની રહેશે, જે દેશમાં પ્રવર્તતા કાયદાને અનુરૂપ હોવી જોઈએ.

૪. સમિતિ ધર્મપ્રાંત / વિભાગની બાળસંરક્ષણ સમિતિને આક્ષેપોના તપાસ અંગેની પ્રગતિ વિશે માહિતગાર કરશે અને ૯૦ દિવસની સમયમર્યાદામાં તપાસ પૂર્ણ કરી, ધર્મપ્રાંત / વિભાગીય બાળ સંરક્ષણ સમિતિને પહોંચાડી તેનાં સૂચનો અને માર્ગદર્શન હેઠળ કામ કરશે.

## સંસ્થામાં નિયુક્ત થયેલ બાળસંરક્ષણ અધિકારીની સત્તાઓ અને જવાબદારીઓ

**A :** બાળ સંરક્ષણ અધિકારી

બાળ સંરક્ષણ અધિકારી શાળાનાં આચાર્ય સાથે મળી બાળ સંરક્ષણનીતિનો સંસ્થામાં અમલ કરશે અને તેને લગતાં કાર્યો કરશે.

૧ કૌશલ્ય :

- તે એક સારો શ્રોતા હોવા જરૂરી છે.
- તે હેતુલક્ષી સહાનુભૂતિપૂર્ણ અને વિશ્વસનીય હોવા જોઈએ.
- તે મૈત્રીપૂર્ણ હોવા જોઈએ.
- ડહાપણ, વિવેકબુદ્ધિ અને કૌશલ્યથી ભરપૂર હોવા જોઈએ.

૨ અવકાશ :

- બાળસંરક્ષણ નીતિનો જવાબદારીપૂર્વક અમલ કરાવશે.
- બાળસંરક્ષણ નીતિના ભંગ પ્રત્યે તરતજ ધ્યાન દોરશે.
- તે બાળકોના રક્ષણ અંગેનો ખ્યાલ રાખશે.

૩ જવાબદારીઓ :

- સંસ્થામાં બાળસંરક્ષણનીતિના ભંગની ફરિયાદ અંગે / ધ્યાન દોરશે.
- તે હંમેશા ઉપલબ્ધ રહેશે અને એવું વાતાવરણ ઊભું કરશે જેથી દરેક વ્યક્તિ બાળશોષણ અંગેની ફરિયાદ / આક્ષેપો તેને જણાવી શકે ખાસ કરીને જાતીય સતામણીની ઘટનાઓ.
- જે આપેલ બંધારણ મુજબ અપરાધ/ગુનો બને તેની નોંધણી કરશે. (પ્રક્રિયા માટે પેજ નં. ૧૭ મુદ્દા નં. ૧-૭)
- તે ઘટનાની ફરિયાદ કરનાર તથા નજરે જોનાર વ્યક્તિઓના રક્ષણ અને કાળજી માટે જરૂરી પગલાં લેશે.
- તે આક્ષેપો અને અપરાધમય ઘટના અંગેની સઘળી બાબતોની ગોપનીયતા જાળવશે.
- તે દરેકે દરેક દસ્તાવેજ જે હસ્તલિખિત, ટાઈપ કરાવેલ કે છાપેલ હોય તેની કાળજી રાખશે.
- સંઘીય / વિભાગીય બાળસંરક્ષણ સમિતિ દ્વારા જ્યારે બાળકની પૂછપરછ કરવામાં આવે ત્યારે કોઈ વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ વ્યક્તિ દ્વારા બાળકની પૂછપૂરછ થાય તે ઈચ્છનીય છે. બૌધિક / માનસિક અપંગતા ધરાવતા બાળકોની પૂછપરછ દરમ્યાન ખાસ કાળજી રાખવી જરૂરી છે.
- બાળસંરક્ષણ અધિકારી પાસે તમામ કાર્યવાહી બંધ કરવાનો અધિકાર છે. જ્યારે ફરિયાદી પાસેથી પૂરતો સહકાર ન મળે અથવા તો યોગ્ય માહિતીનો અભાવ હોય. જેની જાણ વિભાગીય / પ્રાંતકીય બાળસંરક્ષણ સમિતિને કરવાની રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે બાળસંરક્ષણ અધિકારી પાસે કાયદાકીય સંસ્થાઓને વિભાગ / પ્રાંતના નામે ઘટનાની તપાસ કરવાની જાણ કે સત્તા આપશે નહિ. એમ કરવા માટે તેણે પૂર્વમંજૂરી લેવી જરૂરી છે.

## (B) સેક્રેટરી / સચિવશ્રી

સમિતિમાંથી એક વ્યક્તિને સેક્રેટરી તરીકે નિયુક્ત કરવામાં આવશે. તેમની મુખ્ય જવાબદારી મીટિંગમાં થતી પ્રક્રિયા, નિર્ણયો અને સંબધિત બાબતોની માહિતી રાખવાની રહેશે.

## (C) સંપર્કકર્તા અધિકારી

એક વ્યક્તિની નિમણૂંક સંપર્કકર્તા અધિકારી તરીકે કરવામાં આવશે. જેમનું મુખ્ય કામ ફરિયાદને આધારે તેની તપાસ કરવાની રહેશે. એ કરતી વખતે નીતિમાં લખેલ બાબતોને ધ્યાનમાં રાખી પ્રક્રિયા કરવી.

## (D) બાળસંરક્ષણ સમિતિની ફરજો પ્રક્રિયાની નોંધણી:

(૧) સમિતિ દરેક ફરિયાદ/ઘટનાની ફાઈલ બનાવશે. દરેક ફાઈલમાં તપાસનો અહેવાલ, કારણો સહિત નિષ્કર્ષ અને ટૂંકાણમાં આખી તપાસની માહિતી વિભાગીય / પ્રાંતીય સમિતિને જાણ કરવી.

(૨) દરેક ફાઈલને યોગ્ય રીતે સાચવશે અને જાળવણી કરશે જેનાં થકી ભવિષ્યમાં પણ તેની ઉપલબ્ધતા રહી શકે.

(૩) સભ્યો દ્વારા આપવામાં આવેલ અહેવાલ તથા દસ્તાવેજની ગોપનીયતા જાળવશે.

(૪) સંપર્કકર્તા અધિકારીને જે વ્યક્તિ આક્ષેપોનો સામનો કરી રહી છે તેને મળીને જરૂરી માહિતી મેળવશે. માહિતી આપશે અને નિવેદન લેશે.

(૫) પ્રાંતીય / વિભાગીય સમિતિ દ્વારા જે માર્ગદર્શિકા બાળસંરક્ષણ માટે આપવામાં આવેલ છે તેનો અમલ કરશે.

## XII વિભાગીય / પ્રાંતીય સ્તરે બાળસંરક્ષણ સમિતિ

બિશપ / પ્રાંતપતિ વિભાગીય / પ્રાંત સ્તરે બાળસંરક્ષણ સમિતિની રચના કરશે.
જે તેમને હસ્તક રહેલ સંસ્થાઓમાં બાળકોનાં રક્ષણાર્થે નિરીક્ષણ, આદેશો મેળવશે અને તેનું સંકલન કરશે.

(૧) આ સમિતિમાં ૫ - ૭ સભ્યો રહેશે જેમની નિયુક્તિ અને સમયગાળો ૩ વર્ષનો રહેશે.

(૨) એક વ્યક્તિની નિમણૂંક સેક્રેટરી / સચિવ તરીકે કરવામાં આવશે.

(૩) એક વ્યક્તિની નિમણૂંક મીડિયા પ્રવક્તા તરીકે કરવામાં આવશે.

(૪) એક અધિકારીની નિમણૂંક બાળસંરક્ષણ અધિકારી તરીકે કરવામાં આવશે. જે બિશપ / પ્રાંતપતિને નામે કાર્ય કરશે.

## વિભાગીય / પ્રાંતીય બાળસંરક્ષણ સમિતિનાં કાર્યો :

(૧) બાળશોષણને લગતી ઘટનાઓ અટકાવી શકાય તે માટે બાળસંરક્ષણ અધિકારી અને દરેક સંસ્થાની સમિતિને કાર્યરત કરવી, તપાસ કરવી તથા આવી ફરિયાદોમાં દરમ્યાનગીરી કરવી અને આ દરેકનો હેતુ બાળસંરક્ષણ હોવો જોઈએ. જેને સિદ્ધ કરવા માટે બાળકોમાં શિક્ષણ દ્વારા શોષણ અંગે જાગૃતિ કેળવવી.

(૨) દરેક શાળાના આચાર્યે પોતાની સંસ્થામાં બાળસંરક્ષણ અંગેનાં જે ઉપાયો અને પ્રવૃત્તિઓ કરે તેની નિયમિત રીતે તપાસ કરવી.

(૩) બાળકોના રક્ષણ માટે જે નિયમો બનાવવામાં આવ્યા હોય તેનું કર્મચારીગણ દ્વારા દરેક સંસ્થામાં પાલન થાય.

(૪) જે શોષણનો ભોગ બન્યું હોય તે ફરીથી શોષણનો ભોગ ન બને તેની કાળજી રાખવી તથા દોષિત વ્યક્તિથી તેને સંપૂર્ણ રક્ષણ મળે તે જરૂરી બને છે.

(૫) દરેક સંસ્થામાં બાળસંરક્ષણ અધિકારીઓ તથા સમિતિઓ વિભાગીય / પ્રાંતીય સમિતિને જવાબ આપવા બંધાયેલ છે.

(૬) જ્યારે કોઈપણ સંસ્થા / સમિતિ દ્વારા બાળશોષણની ફરિયાદ કરવામાં આવે તો વિભાગીય / પ્રાંતીય સમિતિ મીટીંગ કરશે અને ફરિયાદની તપાસ કરશે, ગુનાની ગંભીરતા ચકાસશે તથા બિશપ / પ્રાંતપતિની સ્થાનિક બાળસંરક્ષણ સમિતિ દ્વારા તપાસ કરવી કે કેમ તે અંગેના સૂચનો આપશે. બિશપ / પ્રાંતપતિ જરૂર મુજબની કાર્યવાહી કરશે.

(૭) ફરિયાદને લગતા તપાસ અહેવાલનું મૂલ્યાંકન કરવું, તેને લગતા દસ્તાવેજોની ચકાસણી કરવી જે સંસ્થાની સમિતિ તરફથી મળ્યા હોય, તે ઉપરાંત શું કાર્યવાહી કરવી તેને લગતા સૂચનો બિશપ / પ્રાંતપતિને આપશે જે મુજબ તથા જરૂરિયાત પ્રમાણે સંસ્થાને પગલાં લેવા માર્ગદર્શન આપવામાં આવશે.

(૮) વિભાગીય / પ્રાંતીય સમિતિ દ્વારા જે નિષ્કર્ષ / તારણ કાઢવામાં આવ્યાં હોય તેની માહિતી ફરિયાદકર્તા, શોષિતને બાળસંરક્ષણ અધિકારી દ્વારા / આચાર્ય / સંપર્ક અધિકારી દ્વારા આપવી.

(૯) દરેક ઘટનાની ફાઈલની જાળવણી કરવી તથા તેમની ગોપનીયતા જાળવવી.

(૧૦) અન્ય વિભાગ / પ્રાંતોની બાળ સંરક્ષણ સમિતિઓની સાથે સંપર્ક કેળવવો.

(૧૧) બાળશોષણને લગતા સાંપ્રત વિચારો તથા સંશોધનોની માહિતી આપવી.

## શોષણને લગતી ઘટનાઓની ફરિયાદ :

**શોષણને લગતી પરિસ્થિતિ / ઘટનાઓ ફરિયાદ મુજબ ધ્યાનમાં આવી શકે.**

(૧) શોષિત વ્યક્તિ દ્વારા બાળસંરક્ષણ અધિકારી / સંસ્થાની સમિતિને જાણ કરવામાં આવે.

(૨) શોષિત વ્યક્તિ દ્વારા તેની જાણ મા-બાપ/વાલી / કર્મચારીગણને કરવામાં આવે અને તેમના દ્વારા અધિકારી સમિતિને કરવામાં આવે.

(૩) જે વ્યક્તિ ઘટનાનો સાક્ષી હોય, નજરે જોઈ હોય તેના દ્વારા જાણ કરી શકાય.

કોઈપણ સંજોગોમાં ફરિયાદીને ફરિયાદ ન કરવા સમજાવી શકાય નહિ.

**ક્યારે ફરિયાદ કરવી ?**

આ વિશે ફરિયાદ તરત જ કરવી. અઠવાડિયાઓને મહિનાઓની વિચારણા પછી નહિ પરંતુ ત્વરિત જ ફરિયાદ કરવી.

**કેવી રીતે ફરિયાદ કરવી ?**

લેખિત પત્ર દ્વારા, ઈ-મેલ, ફોન, ઓડિયો-વિઝયુલ રેકોર્ડિંગ, ફોટોગ્રાફ્સ અથવા તો મૌખિક રજૂઆત દ્વારા ફરિયાદ કરી શકાય.

**ફરિયાદની નોંધણી કરવાની પ્રક્રિયાઃ**

ફરિયાદીએ શોષિતનું તથા શોષણ કરનારનાં નામ અને રહેઠાણનું સરનામું સ્પષ્ટપણે જણાવવું.

(૧) ફરિયાદીએ ઘટના ક્યારે બની તે તારીખ તથા શોષિતની ઉંમર નક્કી કરવા તેની જન્મ તારીખ સચોટપણે આપવી.

(૨) ઘટનાની ટૂંકમાં માહિતી, કેટલી વખત બની ? જગ્યા, સમય અને પરિસ્થિતિની જાણકારી ફરિયાદની સાથે બીડવી.

(૩) જો કોઈ ત્રીજા પક્ષકાર દ્વારા ફરિયાદ કરવામાં આવી હોય તો તેની પાસે કોઈ ચોક્કસ સંબંધ/પદ હોવુ જરૂરી છે. વાલી, માતા-પિતા અથવા તો કુટુંબનો કોઈ સભ્ય.

(૪) ઉપર જણાવેલાંમાંથી કોઈ અન્ય વ્યક્તિ દ્વારા અરજ / ફરિયાદ કરવામાં આવી હોય તો શોષિત દ્વારા અથવા શોષિતના કાયદાકીય પ્રતિનિધિ તરફથી જે તે વ્યક્તિને સત્તા મળી હોવી જોઈએ.

(૫) જો ફરિયાદ કરતી વખતે ઉપરમાંની પૂરતી માહિતી ન હોય તો ફરિયાદ અરજદારને પરત કરવામાં આવશે. જેથી જરૂરી માહિતી મેળવી શકાય. અત્રે ઉલ્લેખનીય છે કે સમિતિ હંમેશા લેખિત ફરિયાદને જ સ્વીકૃત ગણાશે. મૌખિક ફરિયાદ સ્વીકારવામાં આવશે નહિ.

દરેક સંસ્થામાં આવી દરેક ઘટનાને લગતા દસ્તાવેજનો પૂરેપૂરી માહિતી સાથે સંગ્રહ કરવો જે મહત્વની તથા ફરજિયાત બાબત છે. દસ્તાવેજ માહિતી નીચે મુજબ સંગ્રહિત કરવી:

૧) તારીખ અને ફરિયાદ કરનાર વ્યક્તિની શ્રેણી / વર્ગ / હોદ્દો

૨) તારીખ તથા શોષિત વ્યક્તિની શ્રેણી / વર્ગ / હોદ્દો

૩) તારીખ તથા શોષણ કરનાર વ્યક્તિની શ્રેણી / વર્ગ / હોદ્દો

૪) તારીખ/સમય/સ્થળ/જગ્યા/ શોષણની ઘટનાની પૂરેપૂરી માહિતી

૫) શોષણનો પ્રકાર

૬) શોષણ કરનાર વ્યક્તિ / વ્યક્તિઓનો વર્ગ / શ્રેણી

૭) શોષણની રીત

## XIII સ્થાનિક વિભાગીય / પ્રાંતીય કક્ષાએ બાળસંરક્ષણ સમિતિઓની કાર્યપ્રણાલિ

૧) સંસ્થાના વડા / આચાર્યને લેખિત ફરિયાદ મળ્યા પછી તેઓ સંસ્થાની બાળસંરક્ષણ સમિતિને સાથે રાખી ફરિયાદની પ્રમાણભૂતતા તથા ચકાસણી કરશે અને ત્યારબાદ તે અંગેની માહિતી વિભાગીય / પ્રાંતીય બાળસંરક્ષણ સમિતિ ને આપશે અને તેમના દ્વારા બિશપ / પ્રાંતપતિને તેની જાણ કરવામાં આવશે. જરૂર જણાય તો બિશપ / પ્રાંતપતિ દ્વારા ફરિયાદની ઉલટતપાસ સ્થાનિક બાળસંરક્ષણ સમિતિ / વિભાગીય / પ્રાંતીય સમિતિને સોંપશે. અહીં એ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે જાતીય શોષણને લગતી ફરિયાદને કાયદાકીય ગુનાહિત કૃત્ય ગણી તેને લગતાં જરૂરી પગલાં લેવાં જે વૈધાનિક / કાયદાકીય રીતે જાહેર / મુલકી સત્તાઓની જવાબદારીમાં ચાલે છે કે નહિ કે કોઈ વ્યક્તિ કે સંસ્થા આવી ઘટનાની ફરિયાદ / અહેવાલની તપાસ કરશે.

૨) સ્થાનિક બાળસંરક્ષણ સમિતિ ફરિયાદની પ્રાથમિક તપાસ કરશે. તપાસ દરમ્યાન શોષણ કરનાર, શોષિત બાળક, તેમની ઓળખ, નિવેદન, તપાસ કાર્યવાહીની કામગીરી વિશેની જાહેરમાં ચર્ચા તથા તેને લગતી માહિતી જાહેર કરવી નહિ. ન્યાયનું બાળમરણ ન થાય, બંને પક્ષકારોની પ્રતિષ્ઠા ન ખરડાય / ઝાંખપ ન લાગે તે હેતુસર પ્રાથમિક તપાસ દરમ્યાન તેની ગોપનીયતા જાળવવી જરૂરી છે.

૩) તપાસ કાર્યવાહીમાં આગળ વધતાં ફરિયાદ તથા આક્ષેપનો સામનો કરનાર બંને વ્યક્તિને સાંભળવા જરૂરી છે. જે વ્યક્તિ પર આક્ષેપ મૂકવામાં આવ્યો છે તે વ્યક્તિ આક્ષેપો તથા તપાસ કાર્યવાહીના તારણને જાણવાનો અધિકાર ધરાવે છે. બંને પક્ષકારો તરફથી જે સાક્ષીઓ ઉપસ્થિત રહ્યા હોય તેમને સાંભળવા આવશ્યક છે. સમિતિએ ઝીણવટપૂર્વક તથા ખૂબજ ધીરજથી બંને પક્ષકારોને સાંભળવા કારણ કે દરેક આરોપીને પોતાની રજૂઆત કરવાનો હક છે. તથા ફરિયાદને પુરવાર કરવા નક્કર પુરાવાઓ હોવા જરૂરી છે. આમ કરવાથી તપાસ કાર્યવાહી તટસ્થ અને પૂર્વગ્રહયુક્ત વગરની બની રહેશે. સમિતિ સાક્ષીઓ તથા

તે પ્રયત્નપૂર્વક કરવામાં આવેલ હોય તો તે વ્યક્તિ જેલવાસ/દંડ અથવા બંનેને પાત્ર બને છે. જેલવાસને ૧ વર્ષ સુધી લંબાવી શકાય.

૧૧) જો કોઈ બાળક ૧૬ વર્ષ કરતાં ઓછી ઉંમરનો હોય અને તેના દ્વારા ખોટી ફરિયાદ / માહિતી આપવામાં આવે તો તેને શિક્ષા કરી શકાય નહિ. પરંતુ ઉપચારાત્મક, સલાહત્મક અને શિસ્તને લગતાં પગલાં સમિતિ દ્વારા લઈ શકાય.

૧૨) કોઈપણ પરિસ્થિતિમાં શોષિત વ્યક્તિ સંસ્થા પાસેથી ગુનેગારના વર્તન બદલ કોઈપણ પ્રકારનું વળતર, કે નાણાંકીય માંગણી કરી શકશે નહિ. કારણ કે સંસ્થા કર્મચારીની સેવાઓને ખરીદે છે અને તેના બદલામાં તેને મહેનતાણું આપે છે. પરંતુ કર્મચારીનાં વર્તન, ચારિત્ર, વ્યક્તિગત હિત, વ્યક્તિગત જીવન માટે સંસ્થા જવાબદાર નથી. એ જ રીતે ફોજદારી / દિવાની ગુનો કરવા બદલ જે પરિણામ આવે તો તેના માટે ગુનેગાર પોતે જ જવાબદાર રહેશે અને તે અંતર્ગત જે તપાસ કરવામાં આવે તેમાં સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે.

## XIV ઉપચારાત્મક સુવિધા

શોષણનો ભોગ બનનાર ઉંમરમાં નાના હોય છે. તેથી આવા અત્યાચારની ખૂબ જ ઊંડી અને લાંબા ગાળાની અસર તેમના મન પર પડે છે. જે તેમને નિરૂત્સાહી બનાવી શકે છે. તેમજ તેમના પર તેની નકારાત્મક માનસિક અને શારીરિક અસરો પડી શકે છે. આ પરિસ્થિતિને નિવારવા કંઈક ઉપચારાત્મક પગલાં બાળસંરક્ષણ સમિતિ દ્વારા લેવામાં આવે તો જ ઈચ્છનીય છે.

૧) જરૂર જણાય તો સંસ્થાના ખર્ચે બાળકનો મનોવૈજ્ઞાનિક ઉપચાર કરાવવામાં આવે.
૨) નિષ્ણાંત વ્યક્તિઓ કે સંસ્થાઓની નિમણૂક કરી શકાય.
૩) માત્ર બાળક જ નહિ પરંતુ જરૂર જણાય તો તેના કુટુંબીજનોનું પણ કાઉન્સલીંગ કરાવવું.
૪) કુટુંબ તથા બાળકની સાથે સતત સંપર્કમાં રહેવું.
૫) દાક્તરી સારવાર આપી શકાય.
૬) જો સ્વીકૃતિ મળે તો આવા બાળકને અન્ય ભગિની સંસ્થામાં મોકલી શકાય.
૭) નૈતિક હિંમત પૂરી પાડવી.

## બાળશોષણ નિવારવાનાં પગલાં :

શોષણની ઘટના બનતાં પહેલાં જ જો તે નિવારી શકાય તો તે સૌથી વધુ ઈચ્છનીય છે, અને એટલા માટે દરેક સંસ્થા એવું વાતાવરણ ઊભું કરે કે બાળકો સુરક્ષિત રહી શકે અને તેમનો માનવી તરીકે તથા લાગણી અને ચારિત્ર્યની દ્રષ્ટિએ સર્વાંગી વિકાસ થાય.

**નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખી આવું વાતાવરણ ઊભું કરી શકાયઃ**

૧) શાળાના પરિસરમાં મૈત્રીપૂર્ણ વાતાવરણ, પૂરતી જગ્યા, હવા-ઉજાસવાળા ઓરડા અને મકાનની બાંધણી એવી રાખવી જેથી બાળકોનું સતત નિરીક્ષણ કરી શકાય.

પુરાવાઓ જેવા કે કાગળો, ઈ-મેઈલ, ઓડિયો-વિડિયો રેકોર્ડિંગ, ફોટોગ્રાફસ વગેરેની તપાસ કરશે. તપાસ કાર્યવાહી દરમિયાન તપાસ સમિતિ દ્વારા આપવામાં આવેલ યાદીમાંથી ફરિયાદી / ગુનેગાર કોઈ એક વ્યક્તિને પોતાના ટેકેદાર તરીકે પસંદ કરી શકશે. કાયદાકીય વ્યવસાય કરતી વ્યક્તિને પસંદ કરી શકાશે નહિ. જરૂર પડયે સમિતિ કાયદાના નિષ્ણાતને અથવા તો એવી વ્યક્તિ જે બાળસંરક્ષણની બાબતમાં ખૂબ અનુભવી હોય તેમનાં માર્ગદર્શન/સલાહ સૂચનો લઈ શકશે.

૪) બધાં જ નિવેદનો પર સમિતિની સાક્ષીઓની, ગુનેગાર, ફરિયાદી તેમના પ્રતિનિધિની સહી, તારીખ અને સમય નોંધવા જરૂરી છે. આ પ્રક્રિયા બંને પક્ષકારોની હાજરીમાં જ થવી જોઈએ.

૫) તપાસ કાર્યવાહી દરમિયાન સ્થાનિક બાળસંરક્ષણ સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવે તો આક્ષેપોનો સામનો કરનાર વ્યક્તિને તેની બધી જ ફરજમાંથી જ્યાં સુધી ફરિયાદનો નિવેડો ન આવે ત્યાં સુધી બાકાત કરવામાં આવે.

૬) તપાસ કાર્યવાહીનો સંપૂર્ણ અહેવાલ તારણો તથા ભલામણો સાથે ૯૦ દિવસમાં વિભાગીય / પ્રાંતીય કક્ષાએ આવેલ બાળસંરક્ષણ સમિતિને સુપ્રતનો કરવાને રહેશે. સમિતિ ચોક્કસ કારણો અને ભલામણો દ્વારા આ સમયગાળામાં વધારો કરવા વિનંતી કરી શકે છે.

૭) સ્થાનિક (સંસ્થા) બાળસંરક્ષણ સમિતિના અહેવાલનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ તારણો જાણ્યા પછી તેની જાણ ફરિયાદીને તથા ગુનેગારને કરી બિશપ/પ્રાંતપતિ/પ્રાંતીય બાળસંરક્ષણ સમિતિ / સંપર્કકર્તા અધિકારી દ્વારા કરવામાં આવશે. બંને પક્ષકારોને જાણ કરતી વખતે એ બાબત સ્પષ્ટ કરવામાં આવશે કે જે તે તારણો, અવલોકનો માત્ર ને માત્ર સમિતિ દ્વારા જ કરવામાં આવ્યાં છે. રાજ્ય/દેશના કાયદાને તે બંધનકર્તા નથી.

૮) જો વિભાગીય / પ્રાંતીય સમિતિ સ્થાનિક સમિતિનાં તારણો જેમ કે જે વ્યક્તિ પર આક્ષેપ મૂકવામાં આવેલ છે, તે સાચે જ ગુનેગાર છે અથવા તો આવો કોઈ ગુનો તેણે કર્યો નથી પણ તેની હાજરી સંસ્થાના બાળકો માટે હિતકારક નથી, તો તે વ્યક્તિને તરત જ તેની બધી જ ફરજોમાંથી મુક્ત કરી તેને કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર બરતરફ કરવાની કાર્યવાહી શરૂ કરવી. જરૂર પડયે કાયદાકીય પ્રક્રિયા પણ કરવી જેમાં કાયદો કાયદાનું કામ કરશે.

૯) જો ફરિયાદી / શોષિત તપાસ કાર્યવાહીમાં સહકાર ન આપે અને અન્ય કોઈ સ્ત્રોત પાસેથી આધારભૂત માહિતી મળવાની કોઈ શક્યતા ન હોય તો સ્થાનિક બાળસંરક્ષણ સમિતિના સંયોજક/સંકલનકર્તા બિશપ/પ્રાંતપતિ ત્યાંના સંયોજકને ફરિયાદને બંધ કરવા સૂચન આપી શકશે. જો આવા પ્રસ્તાવને સ્વીકૃતિ મળે અથવા બાળસંરક્ષણ સમિતિ ફરિયાદનો અસ્વીકાર કરે તો તેની જાણ કારણો સાથે ફરિયાદીને પ્રાંતીય સંયોજક / પ્રાંતીય બાળસંરક્ષણ સમિતિ / સ્થાનિક બાળસંરક્ષણ સમિતિના સંપર્કકર્તા અધિકારી દ્વારા કરવી.

૧૦) અત્રે નોંધનીય છે કે કોઈ વ્યક્તિ બાળશોષણને લગતી ખોટી ફરિયાદ કરે, ખોટી માહિતી આપે જેનો સમગ્ર હેતુ કોઈ વ્યક્તિની / સંસ્થાની પ્રતિષ્ઠાને ઝાંખી કરવાનો, અપમાનિત કરવાનો, કશુંક પડાવી લેવાનો, ધમકી આપવાનો કે બદનામી કરવાનો હોય તો તે વ્યક્તિ કાયદાકીય રીતે (POCSO ૨૦૧૨ પ્રકરણ : ૫ : ૧૨) શિક્ષાને પાત્ર બને છે. તે વ્યક્તિ જેલવાસ, દંડ અથવા બંનેને પાત્ર બને છે. જેલવાસને ૬ મહિના સુધી લંબાવી શકાય. જો કોઈ પુખ્ત વ્યક્તિ કોઈ બાળક વિશે ખોટી ફરિયાદ કરે, ખોટી માહિતી આપે અને

२) પ્રાર્થના, રમત-ગમત, સંગીત, નાટક, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, ધાર્મિક અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ દ્વારા બાળકોને સુમેળભર્યું વાતાવરણ પૂરું પાડવામાં આવે જેથી પોતાની સુષુપ્ત શક્તિઓનો તેઓ વિકાસ કરી શકે, સામાજિક જીવનની પાયાની બાબતો શીખી શકે, તેમનો આધ્યાત્મિક અને સર્વાંગી વિકાસ સાધી શકાય.

૩) શિક્ષકો દ્વારા મૈત્રીપૂર્ણ રીતે તથા બાળકોનું સતત નિરીક્ષણ થાય.

૪) ઉંમર, લિંગ, ધર્મ, મોભો, જ્ઞાતિ, સામાજિક દરજ્જો વગેરેને ધ્યાનમાં રાખી બાળકો સાથે ભેદભાવ રાખવો નહિ.

૫) સલામતી, શિસ્ત અને સાથી બાળકો માટે માન જેવી બાબતોને ધ્યાનમાં રાખી એ પ્રકારની વર્તણૂક કરવામાં આવે જેથી તંદુરસ્ત વાતાવરણ ઊભું થાય જેના થકી બાળકોને નુકસાનકર્તા વર્તનને અટકાવી શકાય.

૬) દરેક વ્યક્તિનું માન તથા તે પોતાનું અંગત જીવન માણી શકે તેવી પરિસ્થિતિઓનું નિર્માણ કરવું અને તેમ કરવા માટે દરેક વ્યક્તિના હકો અને ફરજો અંગે પૂરી માહિતી આપવી.

૭) કેવી રીતે બાળકોનું શોષણ કરવામાં આવે છે તે બાબતની માહિતી આપતું મુદ્રિત તથા જાહેરમાં મૂકી શકાય તેવું સાહિત્ય બનાવવું તથા તેનો યોગ્ય રીતે પ્રચાર કરવો.

૮) શોષણની ઘટના બને તો કોનો સંપર્ક કરવો, કેવી રીતે જાણ કરવી તેને લગતાં સૂચનો કર્મચારી, વાલીઓ, વિદ્યાર્થીઓ જોઈ શકે અને જાણી શકે તેવી રીતે લગાવવાં.

૯) દરેક સંસ્થામાં બાળસંરક્ષણ સમિતિની નિમણૂંક કરવી, સમિતિનું કાર્ય અને જવાબદારી નક્કી કરવી જેથી બાળકોને મુક્ત વાતાવરણ મળે અને તેમનું રક્ષણ કરી શકાય.

૧૦) જો શોષણની ઘટના બને તો ગુનેગાર સામે કેવાં પગલાં લેવા, શી પ્રક્રિયાઓ કરવી તે નક્કી કરવું.

૧૧) સમિતિ દરેક ઘટનાની કાળજીપૂર્વક તપાસ કરશે, બધા જ અહેવાલો, નોંધ કે નિવેદનોનો અભ્યાસ કરી જરૂરી પગલાં લઈ તેની જવાબદારી નિભાવશે.

૧૨) યોગ્ય પ્રક્રિયા ઈન્ટરવ્યુ કર્યા પછી જ કોઈ કર્મચારીની નિમણૂંક કરવી. સંસ્થાનું સંચાલન મંડળ નિમણૂંક કરતાં પહેલાં જે તે અરજદારે અગાઉ જે સંસ્થામાં ફરજ બજાવી હોય ત્યાંથી તથા જ્યાંથી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું હોય તે સંસ્થામાંથી તેના વિશે માહિતી મેળવશે.

૧૩) નવરાશના સમયમાં, વિરામ દરમ્યાન કર્મચારીગણને મેદાનમાં કે શાળા પરિસરમાં બાળકો પર નજર રાખવા તેમની દેખરેખ રાખવા જવાબદાર બનાવવા.

૧૪) શાળાના પ્રવેશદ્વાર, પાર્કિંગ વિસ્તારમાં, પરસાળમાં અને જ્યાં જરૂર જણાય ત્યાં સી.સી.ટી.વી. કેમેરા લગાવી બાળકોનું રક્ષણ કરી શકાય.

૧૫) ગેરશિસ્ત અને અકસ્માત ન થાય તે માટે શાળાના મોટા વિદ્યાર્થીઓ, વર્ગ મોનિટર વગેરે શિસ્ત જાળવવામાં તથા અન્યોને માર્ગદર્શન આપવામાં મદદરૂપ થશે.

૧૬) બધા જ વર્ગખંડો, પ્રયોગશાળાઓ, પુસ્તકાલય, ઓફિસ, સ્ટાફ રૂમમાં પારદર્શક કાચવાળાં બારી-બારણાં હોવાં જોઈએ.

૧૭) દરેક વ્યક્તિને માનવી તરીકે માન તથા બિરદાવવાનું વલણ બાળકોમાં વિકસાવવું.

## કર્મચારીગણ માટે રક્ષણાત્મક વર્તન અંગેના નિયમો :

કેથલિક સંસ્થા કે જે બાળકને દરેક પ્રકારના શોષણ સામે રક્ષણ પૂરું પાડવા કટિબદ્ધ છે તે સંદર્ભમાં સંસ્થાના કર્મચારી તરીકે હું સંસ્થાના નીતિ નિયમોનું પાલન કરવા બંધાયેલો છું.

૧) સંસ્થામાં મારી નોકરી સંબંધેની પ્રવૃત્તિઓમાં હું ખુલ્લું મન રાખીશ. અને કોઈપણ બાબત છુપાવીશ (ગુપ્ત રાખીશ) નહિ.

૨) હું પ્રત્યેક બાળક/યુવાન વ્યક્તિ સાથે અરસપરસ એવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરીશ જે આદર, ગૌરવ, પ્રામાણિકતા, સહભાવ રીતે સમજદારી અને ધીરજ દર્શાવીશ.

૩) બાળકો અને યુવાવ્યક્તિઓ સાથે હું કાયમ સામાજિક રીતે યથાયોગ્ય વર્તન કરીશ જેમાં સામાને સાંભળવાની, સમજવાની અને બીજાઓનો આદર કરવાની મારી શક્તિનું પ્રતિબિંબ હશે.

૪) પર્યટનમાં કે શૈક્ષણિક પ્રવાસોમાં મારે હોટલ / હોસ્ટેલમાં સુવાનું કે રહેવાનું થાય ત્યારે મારા પર દેખરેખ રાખવા અન્ય ધંધાદારી વયસ્કો હશે.

૫) જ્યારે કોઈ બાળક કે યુવા વ્યક્તિ સાથે હું જ એકલો હોઉં ત્યારે જે ઓરડામાં હું રહેતો હોઉં તેના દરવાજા કાયમ ખુલ્લા રહેશે અને કાયમ માટે એમાં દૃષ્ટિપાત થઈ શકે એવી હાલતમાં હશે.

૬) મારી સંસ્થામાં મારી ફરજ બજાવતી વેળાએ હું બાળકો માટે ઉપલબ્ધ રહીશ પણ એ સાથે બાળકો સાથેના સંબંધ બાબતે હું મારી વ્યાવસાયિક સીમારેખા જાળવીશ.

૭) બાળકને જરૂર હોય ત્યારે જ હું શરીરને સ્પર્શ કરીશ અને તે કદી પણ અયોગ્ય રીતે નહિ, ભલેને એ ગમે તે રીતે દેખીતી જરૂર હોય.

૮) બાળક કે યુવાવ્યક્તિ સાથે મારી સંડોવણી બાબતે જો તેઓ એનો પ્રતિકાર કરશે તો એ પ્રતિકારનો હું આદર કરીશ અને તે એવી બાબતે જે સંસ્થાની કાયદેસરની સેવાનો ભાગ ન હોય.

૯) બાળકો સાથેનો મારો સંબંધ જે તે બાળક કે યુવા વ્યક્તિ ઉંમર અને તેના વિકાસના તબક્કાનો ખ્યાલ રાખીને સાવધાની પૂર્વક નિયંત્રિત રહેશે.

૧૦) બાળક કે યુવાવ્યક્તિના ફૂલા, ગુપ્તાંગો કે સ્તનોનો હું કદી પણ સ્પર્શ નહિ કરું સિવાય કે હું અધિકૃત દાકતર હોઉં અને કાયદેસરની તેમજ અનિવાર્ય ચિકિત્સા કરતો હોઉં.

૧૧) હું પ્રત્યેક બાળક કે યુવા વ્યક્તિ સાથે ઈશ્વરના બેજોડ સર્જન તરીકે વર્તીશ, જેને (બાળક / યુવાવ્યક્તિ) પોતાનું ભવિષ્ય નક્કી કરવાનો અધિકાર છે.

૧૨) પ્રત્યેક બાળક કે યુવા વ્યક્તિ સાથે હું તેની કાળજી રાખવાના, તે પ્રત્યેકનું રક્ષણ કરવાના અને માનભર્યા સંબંધો સ્થાપવાનો પ્રયાસ કરતો રહીશ.

૧૩) બાળકો અને યુવાવ્યક્તિઓનાં અમૂક જૂથોને એકલાં પાડી દેવા, તેમના પર દાદાગીરી કરવા કે તેમને ઈજા પહોંચાડવા જેવા હુમલાપાત્ર પ્રસંગો બાબતે હું કાયમ સાવધ રહીશ.

૧૪) હું મારી ફરજ (નોકરી) પર હોઉં કે જરૂર પડે ત્યારે હું પ્રત્યેક બાળક કે યુવા વ્યક્તિની સલામતી સાર સંભાળ કે રક્ષણ માટે હું અગ્રિમતા આપીશ અને એ હું યોગ્ય દેખરેખ દ્વારા કરીશ.

૧૫) હું કોઈ બાળક કે યુવા વ્યક્તિને શારીરિક રીતે ત્યારે જ રોકીશ જ્યારે સંબંધિત વિસ્તારમાં વ્યક્તિ કે અન્ય વ્યક્તિઓ સામે ભય પેદા થયો હોય.

૧૬) બાળકો કે યુવા વ્યક્તિઓ માટે મુકરર કરાયેલા અંગત (ખાનગી) વિસ્તારમાં માટે સંસ્થાના કાયદેસરના કામ માટે પ્રવેશવાનું થાય તો પ્રવેશ કરવા અગાઉ હું તેમને જણાવીશ. (મૌખિક રીતે).

૧૭) કોઈ બાળક કે યુવાવ્યક્તિ વિષેની જાણકારી બાબતે હું શરતી ખાનગીપણું (ગુપ્તતા) જાળવીશ.

૧૮) હું વ્યાવસાયિક રીતે અને મારા અધિકૃત (ઓફિશિયલ) કાર્ય રૂપે કોઈ બાળક કે યુવાવ્યક્તિ સાથે ઈન્ટરનેટ, સોસ્યલ નેટવર્કીંગ સાઈટ્સ, કે જે તેને ફોન કરતી કે ટેક્ષ્ટીંગ(લખાણ) કરતી વખતે જ જે તેનો સંપર્ક કરીશ.(ક્રિયા -પ્રતિક્રિયા કરીશ)

૧૯) ભારતીય અને આંતરરાષ્ટ્રીય બાળ-સંરક્ષણ નીતિ, મજૂરોને લગતા કાયદાઓ અને માન્ય સામાજિક પ્રણાલિકાના સિદ્ધાંતો અને ધારાધોરણો અનુસાર હું વર્તીશ.

૨૦) બાળકો કે યુવાવ્યક્તિઓને ઈજા પહોંચાડ (નુકસાન કરે) એ પ્રત્યે હું સાવધાન રહીશ અને ધ્યાન આપીશ. જો આ બાબતો વિશે ચિંતા કરવા જેવું જણાય તો હું મારી સંસ્થાના બાળ-રક્ષણ અધિકારીને વિના વિલંબે જાણ કરીશ.

૨૧) સેલફોન્સ, કે દાણચોરીની અન્ય સામગ્રી તપાસવામાં મને સંસ્થાના બાળકો કે યુવા વ્યક્તિઓની શારીરીક તપાસ કરવાનું અનિવાર્ય હોય ત્યારે એ તપાસ કરવાનું મને જણાવવામાં આવશે અથવા તો એમ કરવાની મને અનુમતિ આપવામાં આવશે ત્યારે હુ સ્પર્શ કરવાના તમામ ધોરણોનું પાલન કરીશ તેમજ બાળકના શરીરના જે તે ભાગનો સ્પર્શ કરવાના તમામ ધોરણોનું પાલન કરીશ તેમજ બાળકના શરીરના જે તે ભાગનો સ્પર્શ કરવાનું મર્યાદિત હશે તેવો સ્પશ હું કરીશ નહિ.

૨૨) સી.બી.સી.આઈની બાળસંરક્ષણ નીતિ અને પ્રક્રિયાઓ જે આ સંસ્થામાં અમલમાં મૂકાય છે તે તમામ અનુસાર હું વર્તીશ.

૨૩) મિડિયાના તમામ પ્રશ્નોને હું આ કાર્ય માટે નિયુક્ત પ્રવક્તાને જણાવીશ અને બીજી કોઈ ટીપ્પણી (કમેન્ટસ) નહિ કરું.

૨૪) નિંદકનો સચોટ ગેરવર્તણૂંક સામે હું મારો અવાજ ઉઠાવીશ (વિરોધ રજૂ કરીશ) એવી વ્યક્તિઓ સમક્ષ દા.ત. સંસ્થાના વડા સંસ્થાના બાળ-રક્ષણ અધિકારી (કોઓર્ડીનેટર-સહકાર્યકર્તા) ગમે તે સંજોગોમાં હું મારો અવાજ ઉઠાવીશ પણ આ કામ કુથલી ફેલાવનાર તરીકે તે નહિ જ કરું.

૨૫) હું ફરજ પર હોઉં ત્યારે સંસ્થામાં નક્કી કરેલ પહેરવેશ ધારણ કરીને હું આવીશ અને જે એવા ખાસ નિયમ ના હોય તો પણ હું સાફ સુથરો અને સભ્ય પોષાક પરિધાન કરીને આવીશ.

## હું નીચેની બાબતોથી દૂર રહીશ / તેમને અવગણીશ :

૧) હું સંસ્થા કે બાળકનું અપમાન થાય, તેમની અવગણના થાય કે તેમને ઉતારી પાડવા જેવી વર્તણૂંક નહિ કરું.

૨) બાળકો સાથે અયોગ્ય, અભદ્ર કે બિભત્સ ભાષાનો ઉપયોગ નહિ કરું.

૩) અમારો મત/વિચાર સાબિત કરવા અયોગ્ય ભાષા પ્રયોગ નહિ કરું.

૪) જે કામ બાળક પોતે કરી શકે એમ હોય તેમાં હું મદદરૂપ નહિ થાઉં. દા.ત. કપડાં બદલવાં, ટોયલેટ જવું, વગેરે.

૫) બાળકો માટે નક્કી કરેલ જગ્યા/વિસ્તારમાં હું બિનજરૂરી કે પરવાનગી વગર જઈશ નહિ.

૬) જે બાળકો સાથે હું વ્યવસાયિક રીતે સંકળાયેલ છું તેમને હુ મારા ઘરે / હોટલમાં લઈ જઈશ નહિ તેમજ તેમની સાથે એક જ રૂમ કે પથારીમાં સૂઈશ નહિ.

૭) શારિરિક શિક્ષા કરીશ કે થપ્પડ મારીશ નહિ.

૮) બાળકને શારીરિક કે લાગણીની દ્રષ્ટિએ નકારાત્મક અસર કરે તેવું વર્તન કરીશ નહિ.

૯) જો કોઈ પ્રકરણમાં જીવવિજ્ઞાન / જાતીયતા વિશે વાત કરવામાં આવી હોય તો જ હુ તેના વિશે ચર્ચા કરીશ. તે સિવાય જાતીયતા અંગે વાતચીત કે પ્રવૃત્તિ વિશે હું વાત કરીશ નહિ.

૧૦) એવી કોઈ પણ પ્રવૃત્તિ જેનો હેતુ બાળક સાથે જાતીય સંબંધ રાખવાનો હોઈ શકે તેનાથી દૂર રહીશ.

૧૧) બાળક સાથે કોઈ પણ પ્રકારના જાતીય સંબંધ માટે અવકાશ રાખીશ નહિ.

૧૨) તેમના શરીરને સીધો સ્પર્શ કરવો પડે તેવી પ્રવૃત્તિ કરીશ નહિ.

૧૩) બાળકોનું તબીબી નિરીક્ષણ કે સારવાર જ્યાં સુધી અત્યંત આવશ્યક ન હોય ત્યાં સુધી હું કરીશ નહિ. અથવા તો એ મારી વ્યવસાયિક ફરજનો ભાગ હોય તો જ હું તે ફરજ બજાવીશ.

૧૪) મેગેઝીન, વિડિયોક્લીપ, ફિલ્મ, એમએમએસ જેમાં જાતીયવૃત્તિને લગતું સાહિત્ય હોય તે બાળકોને બતાવીશ નહિ, શાળા પરિસરમાં કે શાળા બહાર રાખીશ નહિ.

૧૫) અયોગ્ય કે બાળકને ઉત્તેજિત કરતું વર્તન કરીશ નહિ.

૧૬) બાળકોની હાજરીમાં મારા શરીરનાં અંગત ભાગો / અંગો તેમને બતાવીશ નહિ.

૧૭) એવી બધી જ વર્તણૂંક જે બાળક માટે અસુરક્ષિત, શોષણકર્તા કે ગેરકાયદેસર હોય છે તેમાં ભાગ લઈશ નહિ.

૧૮) કોઈ ચોક્કસ બાળક પ્રત્યે અયોગ્ય કે ભેદભાવયુક્ત વર્તન કરીશ નહિ.

૧૯) વાલી, માતા-પિતા કે બાળકોની પરવાનગી વગર તેમના ફોટોગ્રાફ્સ કે વિડિયો રેકોર્ડિંગ કરીશ નહિ.

૨૦) બિનજરૂરી રીતે કે અયોગ્ય રીતે બાળકોને પકડવાનું, ચુંબન કરવાનું કે પંપાળવાનું ટાળીશ.

૨૧) શિક્ષણ આપવા માટે ફાળવેલ ચોક્કસ સમય સિવાય બાળકને મળવા, સમય પસાર કરવા કે તે વિષે જણાવવા માટે સંસ્થાના વડા કે માતા-પિતાની પરવાનગી વગર તેમ કરીશ નહિ.

૨૨) જે બાળકો સાથે હું વ્યવસાયિક રીતે જોડાયેલ હોઉં તેમની સાથે ઈન્ટરનેટ કે અન્ય સોશ્યલ નેટવર્કિંગ સાઈટનો ઉપયોગ કરી નિયમિતપણે સંપર્ક કરવાનું ટાળીશ.

૨૩) સંસ્થાના કે મારી વ્યક્તિગત માલિકીના કમ્પ્યુટર, મોબાઈલ ફોન, વિડિયો કે કેમેરાનો અયોગ્ય ઉપયોગ કરીશ નહિ, તેમજ એવી બધી જ વેબસાઈટ જે ગેરકાયદેસર હોય, જેમાં બાળકોના શોષણને લગતી માહિતી આપેલી હોય તેનો ઉપયોગ કરીશ નહિ.

૨૪) ઘરકામ કરાવવા માટે તેમને રાખીશ નહિ.

૨૫) શૈક્ષણિક કે રમતગમતને લગતી પ્રવૃત્તિ માટે જરૂરી દસ્તાવેજો તથા શાળાના વડા, બાળકના વાલી કે માતા-પિતાની મંજૂરી વગર બાળકને લઈ જઈશ નહિ.

૨૬) બાળકોનું નિરીક્ષણ કરતી વખતે તેમની હાજરીમાં, કામના સમય દરમ્યાન દારૂ , ડ્રગ્સ કે તમાકુની બનાવટો રાખીશ નહિ કે તેનું સેવન પણ કરીશ નહિ.

૨૭) ગેરકાયદેસર ડ્રગ્સ, દારૂ કે તમાકુ બાળકોને આપીશ નહિ.

૨૮) જાતિ, રંગ, ભાષા, રાષ્ટ્રીયતા ધર્મને ધ્યાનમાં રાખી બાળકો સાથે ભેદભાવપૂર્ણ વ્યવહાર રાખીશ નહિ.

૨૯) સંસ્થા સાથે જોડાયેલ હોવાથી કોઈપણ કામ કરવા માટે હું નાણાં, ભેટ કે અન્ય કોઈ સેવા બાળકો પાસેથી લઈશ નહિ.

૩૦) શારીરિક શિક્ષા, નકારાત્મક ટિપ્પણી, પ્રતિષ્ઠા પર પ્રહાર, ચીડવવું સામાજિક રીતે બાકાત, બિનતંદુરસ્ત સ્પર્ધા, બિનતંદુરસ્ત તુલના, બાળકો વચ્ચે સંઘર્ષ કરાવવો જેવી નકારાત્મક પદ્ધતિઓથી દૂર રહીશ.

૩૧) બાળકોનું રેગિંગ કે પજવણી કરતું વર્તન નહી કરુ.

૩૨) બાળકને જ્યારે ખરેખર જરૂર હોય ત્યારે તેની અવગણના નહિ કરુ.

૩૩) કોઈ બાળકે કરેલા ખોટા આક્ષેપો કે બાળક પર કરવામાં આવેલા ખોટા આક્ષેપોને પડકારીશ.

૩૪) બાળકોના અધિકારો વિશે મૂકબંધ નહિ બનું તેમજ જેમનું શોષણ થતું હોય તેની અવગણના નહિ કરું.

૩૫) બદલો લેવો કે હેરાન કરવાના આશયથી કોઈ વ્યક્તિ વિરુદ્ધ હું એવો રીપોર્ટ નહિ કરુ. જે બાલીશ અને ત્રાસદાયક ગણી શકાય.

Signature ______________________ Name of the teacher ______________________

Name of the School ______________________ Date ______________

## XV સાયબર ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ

સાયબર ટેકનોલોજીએ માહિતી અને મનોરંજનનો વિસ્ફોટ કર્યો છે તેમજ વિશ્વકક્ષાએ સંપર્ક સાધવા, વાતચીત કરવા, માહિતીનું આદાન-પ્રદાન કરવાની તક પૂરી પાડી છે. માયસ્પેસ, ફેસબુક,વોટસઅપ, ટવીટર, ઓનલાઈન ચેટ અને ઈન્સ્ટન્ટ મેસેજિંગ જેવી સોશ્યલ નેટવર્કિંગ સાઈટસ દ્વારા વ્યક્તિ વિશ્વનાં અન્ય વ્યક્તિઓ સાથે જોડાયેલ છે. શાળામાં શિક્ષકોની દેખરેખ હેઠળ જ બાળકો ઈન્ટરનેટની સુવિધાઓનો ઉપયોગ કરે તે જરૂરી છે.

જ્યારે પુખ્તો કે બાળકો એકલતાનો અનુભવ કરે, ત્યારે તેઓ પોતાની નબળાઈ અને એકલતામાંથી બહાર આવવા માટે ઈન્ટરનેટ પર અન્ય લોકોનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરશે. આવી પરિસ્થિતિમાં સોશ્યલ નેટવર્કિંગ તંદુરસ્ત સામાજિક આદાન-પ્રદાન અને સંબંધો માટે એક વિકલ્પ બની રહે છે.

સાયબર ટેકનોલોજીની ઉપયોગીતા સાથે આપણે તેનાથી થતા ગેરલાભોને પણ ઓળખવા જોઈએ. સાયબર ટેકનોલોજીનો ઉપયોગ પુખ્ત તેમજ બાળકોને લગતાં અશ્લીલ, બિભત્સ ચિત્રો જોવા માટે થાય છે. ફોટોગ્રાફ્સ કે કોઈપણ પ્રકારની માહિતી ઈન્ટરનેટ પર મૂક્યા પછી કે ત્યાંથી લીધા પછી તેનો દુરઉપયોગ એવી રીતે થઈ શકે છે કે વ્યક્તિ પોતે તે બાબતથી અજાણ હોય છે. અને જાણ્યા બાદ પણ તેને કાબૂમાં રાખી શકાય નહિ. ઈલેક્ટ્રોનિક પસાર માધ્યમોનો દુરપયોગ કોઈને હાનિ પહોંચાડી શકે છે તેમજ તે કાયદાકીય રીતે ગુનો બને છે.

જેઓ બાળકો અને પુખ્તો સાથે કામ કરે છે, તેઓની જવાબદારી છે કે તેઓ બાળકોનું રક્ષણ કરે. સાયબર ટેકનોલોજીનો ઉપયોગ બાળકો સાથે કરતી વખતે એક શિક્ષક તરીકે પોતાની ભૂમિકા શું છે તે બાબતે સભાન રહે.

સંસ્થામાં કામ કરતા કર્મચારીઓ સાયબર ટેકનોલોજીનો જવાબદારીપૂર્વક અને વિવેકપૂર્ણ ઉપયોગ કરે તે ઈચ્છનીય છે. જે વ્યક્તિ ઈન્ટરનેટ પર બાળકોને લગતી અશ્લીલ, બિભત્સ બાબતો નિહાળે છે તે બાળકોના જાતિય શોષણ માટે મૂક સંમતિ આપે છે. તેમજ તે ગુન્હાખોરી કરી રહ્યો છે. વ્યવસાયિક મર્યાદાઓ જાળવીને દરેક કર્મચારીએ પ્રિન્ટ/ઈલેક્ટ્રોનિક માધ્યમોનો યોગ્ય રીતે ઉપયોગ કરવો જોઈએ.

## XVI હેરાનગતિ / દાદાગીરી વિશે નોંધ

હેતુપૂર્વક અને સભાનપણે શબ્દો કે કાર્યો દ્વારા કોઈની લાગણી દુભાવવી કે શારિરીક ઈજા પહોંચાડવા કરવામાં આવતાં વર્તનને હેરાનગતિ કહે છે. જેનો મુખ્ય હેતુ અન્યોને ડરાવવાનો, બીક હેઠળ રાખવાનો કે ધમકાવવાનો હોય છે. જો આવા વર્તન કે વલણને શરૂઆતથી કાબૂમાં રાખવામાં ન આવે તો પાછળથી આ પ્રવૃત્તિઓ દ્વારા હેરાનગતિ કરવામાં આવે છે.

૧) બીજાને વિશે ઘસાતું બોલવું, અન્યો વિશે ખોટી વાતો ફેલાવવી.

૨) અન્યોને દુભવવા માટે જાતિવાદી ટિપ્પણીઓ કરવી.

૩) શારીરિક ઈજા પહોંચાડવી જેવી કે માર મારવો, ધક્કો મારવો, થૂંકવું.

૪) જાતિય અંગચેષ્ટાઓ કરવી.

૫) કોઈ વ્યક્તિને તેની ઈચ્છા વિરુદ્ધ કામ કરવાની ફરજ પાડવી.

૬) વ્યક્તિને તેની માલિકીથી વસ્તુઓ પરત્વે શાબ્દિક રીતે ધમકી આપવી.

૭) અન્યોની યોગ્યતાઓ કે સિદ્ધિઓની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે તેવી વાતો કરવી.

૮) વ્યક્તિ વિશે કે તેના કુટુંબ વિશે અફવાઓ ફેલાવવી, ખોટાં નામ પાડવાં.

૯) હિંસક / જંગલી વર્તન કરવું.

૧૦) પોતાને વિશે બડાઈ હાંકવી અને અન્યોને નીચા ગણવા.

**હેરાનગતિ કરવી એ ગંભીર સમસ્યા છે**

આવું વર્તન કદાપિ સ્વીકૃત નથી. તેને સહન કરવું જોઈએ નહિ, જો એમ થતું હોય તો તેની તરત જ જાણ કરવી. આવા વર્તન પ્રત્યે જાળવવામાં આવતું મૌન એ એક અવરોધ છે જેને દૂર કરવો જ રહ્યો. એક કેથલિક શાળાના વિદ્યાર્થી તરીકે જ્યારે દાદાગીરીભર્યું / હેરાનગતિ કરતું વર્તન તમારી સાથે કે અન્ય વ્યક્તિ સાથે કરવામાં આવે ત્યારે તેની જાણ કરવી એ તમારો અધિકાર જ નહિ પરંતુ તમારી ફરજ પણ છે.

**આ પ્રકારનું વર્તન કોણ કરે છે ? / હેરાનગતિ કરનારા કોણ હોઈ શકે ?**

કોઈ પણ વ્યક્તિ અન્યોને ડરાવી ધમકાવી શકે છે. આપણા દરેક પાસે તે આવડત છે અને પ્રસંગોપાત અન્યોને હાનિ પહોંચાડવાની આપણી ઈચ્છા હોય છે. ઘણી વ્યક્તિઓ પોતાની જાતને જ હાનિ પહોંચાડે છે. કેટલાક તેમ કરવાની આગેવાની લે છે. તો કેટલાક આવા જૂથના સભ્યો હોય છે. ઘણી વ્યક્તિઓ જ્યારે અન્યોની હેરાનગતિ કરવામાં આવતી હોય ત્યારે મૂકપ્રેક્ષક બની તેને ઉત્તેજન આપે છે. હેરાનગતિ કે ડરાવનાર વ્યક્તિઓ હંમેશા પોતાના વર્તનને વાજબી ઠરાવવા એમ કહેતા હોય છે કે અમે માત્ર મસ્તી કરતા હતા કે ચિડવતા હતા. જે વ્યક્તિને ચિડવવામાં આવતી હોય તે તેને ગમતું ન હોય, તે વારંવાર આ વાત જાહેર કરે તેમ છતાં અન્યો તેને હેરાન કરવાનું, ચિડવવાનું ચાલુ રાખે તો તે ચોક્કસપણે દાદાગીરી કહેવાય છે. આવું વર્તન ઘાતકી અને અયોગ્ય છે.

**દાદાગીરી / હેરાનગતિ મારે સહન ન કરવી જોઈએ.**
**કુટુંબ, સંસ્થા અને સમાજના જાગૃત સભ્ય તરીકે આપણે :**

૧) હમેશા શિસ્તમય વર્તનની અપેક્ષા રાખીએ છીએ.

૨) સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવું એ આપણી ફરજ છે જેમાં દરેક વ્યક્તિ દરેક પ્રકારની હેરાનગતિથી મુક્ત હોય.

૩) નમ્ર અને વિવેકપૂર્ણ વર્તનને ઉત્તેજન આપવું જોઈએ.

૪) હેરાનગતિને લગતી ઘટનાઓને શોધવાની, અટકાવવાની અને તેનો ઉકેલ લાવવા માટે કોઈ ચોક્કસ નીતિનો અમલ કરવો.

૫) દાદાગીરીભર્યું વર્તન, અન્યોને હેરાન કરવાનું વલણ તે એક સમસ્યા છે, તેવું શિક્ષણ વિદ્યાર્થીઓને આપવું.

૬) આપણે દરેક વિદ્યાર્થી પ્રત્યે કાળજીભર્યું અને સહાનુભૂતિભર્યું વલણ રાખીએ અને બાળકોને તેમ કરતાં શીખવીએ.

**જો આવી ઘટનાના તમે સાક્ષી હો તો તમે શું કરશો ?**

***તમે પોતે જ હેરાનગતિનો ભોગ બનો તેવું જોખમ છે પરંતુ આ બાબતને લઈને અસરકારક પગલાં ભરવા, સાથે રહી કામ કરવું જરૂરી છે.***

૧) તમારી પોતાની પાસે આવા વર્તનને અટકાવવા માટે ઈચ્છાશક્તિ હોવી જોઈએ.

૨) જો શક્ય હોય તો જ્યારે કોઈની હેરાનગતિ થતી હોય ત્યારે તમે પોતે તેમાં હસ્તક્ષેપ કરી હેરાન કરનારને આવું વર્તન બંધ કરવા સમજાવવો જોઈએ. આ ચોક્કસપણે શક્ય બનશે જો તમારો થોડો પણ પ્રભાવ તેમની પર હશે. દા.ત. તમે ઉંમરમાં મોટા હો, તેમના મિત્ર હો, કે ટીમના કેપ્ટન હો, વગેરે.

૩) જો તમે ત્વરિત પગલાં લઈ શકતા ન હો તો સંસ્થાના વડા, શિક્ષક કે સુપરવાઈઝરને જાણ કરી શકો, પરંતુ તે સંદર્ભમાં ગુપ્તતા જાળવવી જોઈએ. આવી ઘટનાની અનામી ફરિયાદ કે અહેવાલ તમે આપી શકો જેથી ભવિષ્યમાં તેને નિવારી શકાય.

૪) ભોગ બનનારને તમે ટેકો આપો, તેની સાથે મિત્રતા કેળવો. શાળાના કર્મચારીગણ, મોનીટર, કુટુંબીજન પાસેથી મદદ મેળવવામાં તેને મદદ કરો

**જો તમે પોતે જ હેરાનગતિનો ભોગ બન્યા હો તો શું કરશો ?**

***તમારે પોતે કડક પણ કાળજીપૂર્વકનાં પગલાં લેવાં.***

૧) શારીરિક કે શબ્દો દ્વારા તમારે વળતો હુમલો ન કરવો.

૨) તેમની અવગણના કરો. જો તમે એમ બતાવશો કે આવી હેરાનગતિની તમારી પર કશી અસર થતી નથી તો વ્યક્તિ તેમ કરવાનું બંધ કરશે.

૩) નમ્રતાપૂર્વક તેને સમજાવો.

૪) તેના વર્તનની ઉપેક્ષા કરો.

૫) તમારા મિત્રો, કુટુંબીજનો કે શાળાનાં સત્તાધીશો સાથે આવી હેરાનગતિ વિશે ડર રાખ્યા વગર રજૂઆત કરો.

૬) સ્થળ છોડી દો અને જવાબદાર પુખ્ત વ્યક્તિ પાસે પહોંચી જાવ.

૭) અન્ય વિદ્યાર્થીઓ કે મોનીટર સાથે વાત કરો જેથી આ પરિસ્થિતિને કેવી રીતે નિયંત્રિત કરી શકાય તેમાં તેઓ મદદ કરી શકે.

૮) વધુ મિત્રો બનાવો.

૯) જ્યાં હેરાનગતિ થવાની શક્યતાઓ હોય તેવા સમય, સંજોગો અને સ્થળ ટાળો.

શાળાના મોટા વિદ્યાર્થીઓ, શિક્ષકો, કાઉન્સિલર, આચાર્ય વગેરે જેઓ તમને આ કિસ્સામાં મદદ કરી શકે તેમ હોય. તેમની સાથે વાતચીત કરો.

પરિણામો ::

જો કોઈ વિદ્યાર્થી અન્યની હેરાનગતિ કરતો જણાય તો તેનાં ચોક્કસ પરિણામો અને પ્રતિબંધો તેણે ભોગવવાં પડે તે અપેક્ષિત છે.

૧) આવા વિદ્યાર્થીની ફાઈલમાં લેખિત દસ્તાવેજો રાખો.

૨) પત્ર લખી બાળકને અને માતાપિતાને જાણ કરી સખત ચેતવણી આપો.

૩) કોર્ટના માર્ગદર્શન અને કાયદાની જરૂરિયાત મુજબ કાયદેસરનાં પગલાં લો.

૪) માતાપિતાનો સંપર્ક કરો.

૫) નુકશાન કરવા બદલ મરામત કરાવો.

૬) પ્રતિબંધિત કરો.

૭) સંસ્થાના વડાનું ધ્યાન દોરો.

૮) કાઉન્સિલીંગ કરો અને વર્તનમાં બદલાવ લાવવા માટેના કાર્યક્રમોનું આયોજન કરો.

૯) અધિકારો, નફો/લાભોથી બાકાત રાખો.

૧૦) શાળામાંથી સસ્પેન્ડ કરો અને આવુ વર્તન બંધ કરવાની લેખિત બાંયધરી આપે ત્યારબાદ જ પુનઃપ્રવેશ આપવો.

૧૧) વારંવાર સુધરવાની તકો આપ્યા બાદ પણ કોઈ જ સુધારો ન જણાય તો સંસ્થામાંથી કાઢી મૂકો.

## XVII માતા-પિતા / વાલીની ભૂમિકા

તમારા બાળકો માટે સૌથી પ્રભાવશાળી વ્યક્તિ તમે જ છો. તમારા પોતાનાં જીવન અને નમૂનો દ્વારા તમારા બાળકોમાં ઉદારતા, સહાનુભૂતિ, નમ્રતા જેવા ગુણો કેળવો.

નીચેની બાબતોમાં રસ ધરાવો:

- તમારુ બાળક શાળામાં શું કરે છે.
- બાળકની શૈક્ષણિક, સામાજિક, સાંસ્કૃતિક અને રમત-ગમતને લગતી બાબતોમાં ધ્યાન આપો.
- માત્ર ટી.વી. જેવાં ઈલેક્ટ્રોનિક માધ્યમો પર રમતો રમવા કરતાં બહાર ખુલ્લા મેદાનમાં રમતો રમતાં શીખવો.

**ઘરમાં સ્વીકૃત અને સહનશીલ વાતાવરણ ઊભું કરો:**
- મિત્રોને ઘરે બોલાવવા પ્રોત્સાહન આપો.
- અન્યોમાં રહેલી વિભિન્નતા / તફાવતને સ્વીકારતાં અને બિરદાવતાં શીખવો.
- તમારા બાળકોની હાજરીમાં અન્યો વિશે હકારાત્મક વાતો કરો.
- તેમની હાજરીમાં સગા-સંબંધીઓ, શાળા કે અન્ય લોકો વિશે નકારાત્મક વાતો કરશો નહિ.
- અન્ય ધર્મી, સંસ્કૃતિ ધરાવતાં કે અન્ય દેશોના લોકો વિશે હકારાત્મક વાતચીત કરો.

**તમારા બાળકોમાં સ્વમાનની ભાવનાને મજબૂત કરો:**
- તમારા બાળકો જેવાં છે તેવાં તેમનો સ્વીકાર કરો.
- ઘરમાં પ્રાર્થના માટે સમય ફાળવો.
- તમે જે બોલો અને કરો તે વિશે હકારાત્મક બનો.
- તમારા બાળકમાં રહેલી હકારાત્મક બાબતોને વધુ ને વધુ કેળવો.
- બાળકની નાની સિદ્ધિઓને પણ બિરદાવો.
- બાળકોને શિષ્ટાચાર શીખવો અને તેનું પાલન કરાવો.
- એકબીજા સાથે માનપૂર્વક વર્તો અને વાતચીત કરો.
- માનસિક તંદુરસ્ત, સ્વચ્છતા અને વ્યવસ્થા પર ભાર મૂકો તથા અન્યોની વસ્તુઓને માન આપતાં શીખવો.

**સામાજિક, સામુદાયિક અને સંબંધોને લગતી સમસ્યાઓની નિખાલસપણે ચર્ચા કરો:**
- શાળામાં કેવા વર્તનની અપેક્ષા રાખવામાં આવે છે તેની ચર્ચા કરો.
- જેઓ અન્યોને ઉદાહરણરૂપ જીવન જીવ્યા હોય તેમના વિશે વાત કરો.
- પોતે હેરાનગતિ/દાદાગીરીની ઘટનાના સાક્ષી હો તો કયાં પગલાં ભરશો તે વિશે વાત કરો.
- બાળકોની હાજરીમાં હિંસા, ઝઘડો, અભદ્ર ભાષાપ્રયોગ જેવી ઘટનાઓને ટાળો.

**બાળકોનું બારીકાઈથી અવલોકન કરો. ચુગલીખોર વર્તન પ્રત્યે સાવધાની રાખો:**
- શાળાએ જવા અનિચ્છા બતાવે.
- શૈક્ષણિક પરિણામમાં ઘટાડો થવો.
- આત્મવિશ્વાસ ગુમાવવો.
- સામાજિક પ્રસંગોમાં નિરસતા
- સેલફોન, ઈન્ટરનેટ, સોસિયલ નેટવર્કનો વધુ પડતો ઉપયોગ
- સર્વ બાબતે ગુપ્તતા જાળવે.
- માતા-પિતા સાથે વાતચીત કરવાનું ટાળે.
- અભ્યાસ સિવાયના હેતુસર વધુમાં વધુ સમય પોતાના રૂમમાં વિતાવે.
- દિવાસ્વપ્ન જુએ. લાંબા સમય સુધી એક જ પાન/પૃષ્ઠ વાંચ્યા કરે.
- માતાપિતાને જાણ કર્યા વગર વારંવાર ઘરની બહાર રહે.
- કૌટુંબિક બાબતોમાં નિરસતા દાખવે.

**તમારું બાળક આ બધી બાબતોને લઈને તમારી સાથે વાતચીત કરવામાં અનિચ્છા ધરાવે કારણ કે તે એમ વિચારે છે કે માતા-પિતા તેને સમજી શકશે નહિ. તમારાં બાળકો સાથે મૈત્રીભાવ કેળવો, તેમને વિશ્વાસમાં લો અને તેમની સાથે સમય પસાર કરો.**

## બાળશોષણ અટકાવવા માટે માતા-પિતા/વાલીએ નીચે મુજબનાં સાવચેતીનાં પગલાં લેવાં :

૧) તમારા બાળકને (ખાસ કરીને દીકરી) ચેતવણી આપો કે માતા-પિતા સિવાય અન્ય કોઈ વ્યક્તિ તેને ખોળામાં બેસાડવાનો પ્રયત્ન કરે તો તેનો પ્રતિકાર કરે.

૨) તમારું બાળક ૨ વર્ષનું થાય ત્યાર પછી તેની સામે તમારાં કપડાં પહેરવાનું ટાળો, અન્ય રૂમમાં જઈને કપડાં પહેરો.

૩) જો કોઈ વ્યક્તિ તમારા બાળક 'મારી પત્ની' કે 'મારા પતિ' તરીકે ઉલ્લેખ કરે તો તે અટકાવો.

૪) જો તમારું બાળક બહાર અન્ય બાળકો સાથે રમવા જાય ત્યારે તમે તેમના પર નજર રાખો અને જાણો કે કેવા પ્રકારની રમત તેઓ રમે છે. કારણ કે ઘણી વાર પુખ્ત વ્યક્તિઓ રમત રમતી વખતે જાતિય શોષણ કરતી હોય છે.

૫) જે વ્યક્તિ સાથે તમારું બાળક અસ્વસ્થતા, અસુરક્ષિતતા અનુભવતું હોય તેવી વ્યક્તિને મળવા માટે તેને ફરજ પાડશો નહિ.

૬) જ્યારે કોઈ પુખ્ત અચાનક જ તમારા બાળક માટે વધુ પડતું હેતાળ, પ્રેમાળ વર્તન કરે અથવા તમારું બાળક કોઈ પુખ્ત વ્યક્તિ માટે એવું વર્તન કરે ત્યારે તેમનું ખાસ નિરીક્ષણ કરવું.

૭) જ્યારે કોઈ જીવંત, ઉલ્લાસથી ભરેલ, ચપળ બાળક અચાનક જ નિરસ બની જાય ત્યારે માતા-પિતાએ તેમની સાથે ધીરજપૂર્વક વાત કરવી જેથી બાળક તેમને હકીકતો જણાવી શકે.

૮) કાળજીપૂર્વક તમારા બાળકોને જાતિય જ્ઞાન આપવું જેથી તેમના મિત્રો કે પાડોશીઓ દ્વારા તેમને ખોટી માહિતી ન મળે.

૯) તમારા દ્વારા લાવવામાં આવેલ કાર્ટૂનસ, પુસ્તકો, સી.ડી, વગેરે તેઓ જુએ તે પહેલાં તમે તેને કાળજીપૂર્વક તપાસી લો.

૧૦) ટીવી પર બતાવવામાં આવતી ચેનલો પર મા-બાપ તરીકે તમારો કાબૂ રાખો તેમજ તમારા મિત્રો કે જેમનાં ઘરે તમારાં બાળકો વારંવાર જતાં હોય તેમને પણ એમ કરવા સૂચના આપો.

૧૧) તમારા ૩ વર્ષના બાળકને તેણે કેવી રીતે શરીરના અંગત ભાગો ધોવા તે શીખવો. તેમજ તેને સૂચના આપો કે કોઈને પણ શરીરના એ ભાગોને અડવા દેવા નહિ. તેમાં કુટુંબીજનનો પણ સમાવેશ થાય છે.

૧૨) એવી બધી વસ્તુઓ દા.ત. સંગીત, ફિલ્મો, મિત્રો, કુટુંબો જેમના સંપર્કમાં આવવાથી તમારા બાળકનાં નૈતિક મૂલ્યો જોખમાતાં હોય તો તેનાથી તેમને દૂર રાખો.

૧૩) બાળકને શીખવો કે દરેક વખતે બધાં વર્તે કે બધાં જ કોઈ પ્રવૃત્તિ કરે તો તેમાં જોડાવવું જરૂરી નથી પછી ભલેને અન્ય સાથીઓ તેને પ્રોત્સાહન આપે કે તેના પર દબાણ કરે.

૧૪) જ્યારે તમારુ સંતાન કોઈ વ્યક્તિ વિશે તમને ફરિયાદ કરે ત્યારે ચૂપ ન રહેવું કે તેની અવગણના પણ ન કરવી. તેની ફરિયાદની ગંભીરતાથી નોંધ લો અને તે વ્યક્તિને બતાવો કે તમે તમારા બાળકના રક્ષણ માટે કટિબદ્ધ છો.

એ વાત સાચી છે કે વર્ષો પહેલાં આપણે આપણાં બાળકના રક્ષણની આટલી ચોકસાઈ કે ગંભીરતાથી ચિંતા કરતા નહોતા. પરંતુ સાંપ્રત પરિસ્થિતિમાં બનતી ઘટનાઓને ધ્યાનમાં લેતાં આપણે હવે જાગૃત અને સર્તક રહેવું જરૂરી છે. જેથી અગમચેતી વાપરી આપણે આપણાં બાળકોનું અનિચ્છનીય ઘટના / વર્તનથી રક્ષણ કરી શકીએ. આ બાબતને લઈને વાલી/મા-બાપ તરીકે આપણે કોઈ સમાધાન કરવાનું નથી પણ આપણી બધી જ ફરજો બજાવવાની છે. જેથી આપણે બાળકને સંવેદનશીલ, સર્વાંગી શિક્ષણ પામેલ, પ્રામાણિક તથા ચારિત્ર્યવાન બનાવી શકીએ.

## પરિશિષ્ટ-૧ સર્વ કર્મચારીગણ માટે અરજીપત્રક
### (બધા જ કર્મચારીઓએ ફરજિયાતપણે આ અરજીપત્રક સંપૂર્ણ રીતે ભરી સહી કરવી)

સંસ્થાનું નામ : ____________________

નામ : ____________________ અટક : ____________________

પુરુષ : __________ સ્ત્રી : __________ જન્મ તારીખ : __________

રહેઠાણનું સરનામું : ____________________

ટેલીફોન નંબર : ____________________ મોબાઈલ : ____________________

અગાઉના કાર્યાનુભવની માહિતી : ____________________

શૈક્ષણિક લાયકાત : ____________________

અભિપ્રાય અંગેનો સંદર્ભ / સંપર્ક :

એવી બે વ્યક્તિઓનાં નામ અને સરનામાં જણાવો જેઓ તમારા વિશે તથા બાળકો સાથે તમે કામ કરવા માટે લાયક છો તે અંગે ચોક્કસ માહિતી આપી શકે.

૧. ____________________

૨. ____________________

કર્મચારીએ આપવાનું વ્યક્તિગત નિવેદન :

મારા અત્યાર સુધીના કાર્યકાળમાં બાળશોષણને લગતી કોઈ ઘટનામાં હું સામેલ નથી. એવો કોઈ ગુનો મેં કરેલ નથી. હું માનું છું કે હું આ સંસ્થામાં કામ કરવા સંપૂર્ણપણે લાયક છું. સંસ્થાની બાળસંરક્ષણની નીતિનો હું સંપૂર્ણ અભ્યાસ કરી તેનાથી માહિતગાર થઈશ અને તેનું ચોકસાઈથી પાલન કરીશ.

કર્મચારીની સહી : ____________________ નામ : ____________________

મેનેજર / આચાર્ય / મુખ્ય શિક્ષકની સહી ____________________ નામ : ____________________

તારીખ : ____________________ સ્થળ : ____________________

જો ઉમેદવારની ભૂતકાળમાં કોઈ બાળશોષણની ઘટનામાં સંડોવણી હોય, અથવા તેવી બાબતમાં તેઓ કસૂરવાર ઠરેલ હોય અને તેની જાણ પાછળથી સંસ્થાને થાય તો કર્મચારીની સેવાઓ સ્થગિત / સમાપ્ત કરવામાં આવશે જેને માટે તે પોતે જવાબદાર રહેશે. આ સંજોગોમાં તે કોઈપણ પ્રકારના વળતરને પાત્ર રહેશે નહિ.

## પરિશિષ્ટ-૨ તંદુરસ્તી અંગેનું પત્રક

**(બધા જ કર્મચારીઓએ નીચેનું પત્રક સંપૂર્ણપણે ભરી, સહી કરવી વિદ્યાર્થીઓ માટે પણ આવા પત્રકની જાળવણી કરવી)**

**નામ :** ______________________

**અટક :** ______________________

**કર્મચારીનો વર્ગ / વિદ્યાર્થી માટે વર્ગ અને વિભાગ :** ______________________

**સ્ત્રી / પુરુષ :** ______________________

**જન્મ તારીખ :** ______________________

**રહેઠાણનું સરનામું :** ______________________

______________________

**પારિવારિક ડૉક્ટર વિશે માહિતી :**

**નામ :** ______________________

**સરનામું :** ______________________

______________________

**ટેલિફોન :** ______________________ **મોબાઈલ :** ______________________

**આકસ્મિક સંજોગોમાં જે વ્યક્તિનો સંપર્ક કરવાનો હોય તેની માહિતી :**

**નામ :** ______________________

**ટેલિફોન :** ______________________ **મોબાઈલ :** ______________________

**નામ :** ______________________

**ટેલિફોન :** ______________________ **મોબાઈલ :** ______________________

## પરિશિષ્ટ-૩ અંગત તબીબી માહિતી

**કર્મચારીઓએ નીચેનું પત્રક ભરી, સહી કરવી, વિદ્યાર્થીઓ પાસેથી પણ તેમની માહિતી લેવી જેમાં વાલી / માતા-પિતાની સહી આપવી**

| ક્રમ | બીમારી | હા | ના |
|---|---|---|---|
| ૧ | દમ / શ્વાસનળીનો સોજો | | |
| ૨ | હૃદયને લગતી બીમારી | | |
| ૩ | ખેંચ / ચક્કર આવવા / અંધારાં આવવાં | | |
| ૪ | માથાનો સખત દુઃખાવો | | |
| ૫ | મધુપ્રમેહ | | |
| ૬ | દવા / આહારને લગતી એલર્જી | | |
| ૭ | બ્લડપ્રેશર | | |
| ૮ | એચઆઈવી/એઈડ્સ | | |
| ૯ | મુસાફરીને લગતી બીમારી | | |
| ૧૦ | અન્ય કોઈ બીમારી કે વિકલાંગતા | | |

| ક્રમ | અન્ય પ્રશ્નો | હા | ના |
|---|---|---|---|
| ૧ | છેલ્લાં પાંચ વર્ષમાં તમે ધનુર વિરુદ્ધ રસીકરણ કરાવેલ છે. | | |
| ૨ | તમે નિયમિતપણે કોઈ તબીબી / શસ્ત્રક્રિયા લઈ રહ્યા છો ? | | |
| ૩ | તમને આકસ્મિક સંજોગોમાં કોઈ ચોક્કસ તબીબી સલાહ/સૂચનોનું પાલન કરવાનું કહેવાયું છે ? | | |
| ૪ | તમે હાલ કોઈ દવાઓ લઈ રહ્યા છો ? | | |

- જો જવાબ હા હોય તો સંપૂર્ણ માહિતી નીચે આપો.

**નિવેદન :** હું સંપૂર્ણરીતે તંદુરસ્ત છું અને સંસ્થાના દૈનિક કાર્યોમાં ભાગ લેવા માટે લાયક છું. માંદગી કે અકસ્માતનાં સંજોગોમાં હું જરૂરી સારવારની મંજૂરી આપું છું. સારવાર દરમ્યાન જરૂર જણાય તો મને બેશુધ્ધ બનાવવાની મંજૂરી પણ આપું છું.

સહી : ______________________ નામ : ______________________

તારીખ : ______________________

# વ્યાખ્યા અને શબ્દ સંક્ષેપ

૧. **આરોપી** : જે વ્યક્તિએ બાળશોષણ કર્યું હોય અથવા એવી વર્તુણકમાં સંડોવાયેલા હોય. જેની વિરુદ્ધ હસ્તાક્ષર કરેલ નિવેદન આપવામાં આવેલ હોય.

૨. **આક્ષેપ** : અયોગ્ય, અવિવેકી અને ગુનાહિત વર્તુણક

૩. **બાળક** : સગીર વયની વ્યક્તિ જેણે ૧૮ વર્ષ પૂર્ણ કરેલ નથી.

૪. **ફરિયાદી** : જે વ્યક્તિ (માતા-પિતા/પાળક/કુટુંબના સભ્ય) બાળશોષણની ફરિયાદ કરે તે.

૫. **સંર્પકકર્તા અધિકારી** : જે બાળશોષણ અંગેનું હસ્તાક્ષર કરેલ નિવેદન ફરિયાદી પાસેથી મેળવે છે તથા બાળ સંરક્ષણ સમિતિ તરફથી ફરિયાદીને માહિતી આપવાનું કાર્ય કરે તે.

૬. **બાળસંરક્ષણ સમિતિ** : આ એવી વ્યક્તિઓનું જૂથ છે. જેમને પસંદ કરી નિમણૂંક આપવામાં આવેલી છે. તેમનું મુખ્ય કાર્ય બાળકોના રક્ષણને લગતી સંસ્થા / પ્રાંતીય / ધર્મપ્રાંતીય સ્તરે બધી ફરજો અને જવાબદારીઓ નિભાવવાનું છે.

૭. **બાળસંરક્ષણ અધિકારી (સંકલનકર્તા)** : તેઓ પ્રાંતીય / ધર્મપ્રાંતીય સ્તરે બાળસંરક્ષણ સમિતિનું નેતૃત્વ કરશે.

૮. **ધર્મપ્રાંત** : કેથલિક ચર્ચનાં સ્થાનિક વડા બિશપ (ધર્માધ્યક્ષ) ના નેજા હેઠળ આવતો વિભાગ કે જેમાં ઘણી બધી કેથલિક સંસ્થાઓનો સમાવેશ થાય છે.

૯. **જાહેરાત** : કોઈપણ માહિતીની સંસ્થાના કર્મચારી વર્ગને જાણ કરવી તે.

૧૦. **સંસ્થા** : શાળા, કોલેજ, છાત્રાલય અને તાલીમ કેન્દ્ર કે જેનો વહીવટ નિમણૂંક કર્મચારી દ્વારા કરવામાં આવે છે. જેની માલિકી ધર્મપ્રાંત / પ્રાંતની ધર્માધ્યક્ષ / પ્રાંતપતિની એકથી વધુ કે સહિયારી હોય છે.

૧૧. **ગુનેગાર** : જેણે શોષણ કર્યું છે અથવા તો કોઈપણ પ્રકારની શોષણ કરવાની વર્તુણકમાં તેની સંડોવણી છે તે.

૧૨. **કર્મચારીગણ** : જે વ્યક્તિઓ સંસ્થામાં ફરજ બજાવે છે તે.

૧૩. **પ્રાંત** : એવો વહીવટી વિભાગ જેમાં કેથલિક ચર્ચનાં ધાર્મિક સંઘોની (મંડળો) સંસ્થાઓ આવેલી છે. જે પ્રાંતપતિના વહીવટ અને દેખરેખ હેઠળ ચાલતી હોય તે.

૧૪. **શોષિત** : જે સગીર બાળક શોષણનો ભોગ બન્યું છે તે.

૧૫. **સ્વયંસેવક** : જે વ્યક્તિ પોતાના સમય અને અનુભવની સંસ્થાની શૈક્ષણિક કે તાલીમની પ્રવૃત્તિઓમાં માનદ્‌સેવા આપે છે તે.

૧૬. **બિશપ** : સ્થાનિક ધર્મસભાના વડા

૧૭. **રીહેબીલીટિશન** : મનૌવૈજ્ઞાનિક ઉપચાર




ઈસુએ એક નાના બાળકને બોલાવીને શિષ્યોની વચ્ચે ઊભો રાખીને કહ્યું,
"ચોક્કસ માનજો કે જ્યાં સુધી તમારી વૃત્તિ ન બદલાય અને તમે બાળક જેવા ન બની જાઓ,
ત્યાં સુધી તમે કદી ઈશ્વરના રાજ્યમાં દાખલ થઈ શકવાના નથી. જે કોઈ પોતાની જાતને
આ બાળકના જેવી નાની બનાવી દેશે તે જ ઈશ્વરના રાજ્યમાં સૌથી મોટો ગણશે.
જે કોઈ આવા બાળકનું મારે નામે સ્વાગત કરે છે તે મારું જ સ્વાગત કરે છે."

(for private circulation only)